Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૧
તા.૩૦-૧૧-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૫ સૂર્યાસ્ત : ૦૫:૫૨

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૪.૨ | વડોદરા | ૧૩.૪ |
| અમદાવાદ | ૧૨.૦ | સુરત | ૧૭.૮ |
| ગાંધીનગર | ૧૧.૭ | નલિયા | ૧૦.૬ |

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

**મોરબી, પાલિતાણા, નવસારી તેમજ પ્રાચી ખાતે મોદીનો ઝંઝાવતી પ્રચાર**

**રાહુલે સૌરાષ્ટ્રના સોમનાથમાં દર્શન બાદ ચૂંટણી પ્રચારની શરૂઆત કરી**

# નોટબંધીથી યુપીમાં, જીએસટી બાદ મહારાષ્ટ્રમાં કોંગી સાફ : મોદી

### પાણીની ચિંતા કરનાર ભાજપને ૧૦૦ વર્ષ સુધી હરાવવાની વિચારણા કરવી જોઈએ નહીં : પ્રચંડ વિજય અપાવવા લોકોને અપીલ

મોરબી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં આજે ફરીએકવાર ઝંઝાવતી પ્રચાર કરીને કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ મોરબી, સોમનાથના પ્રાચી, ભાવનગરના પાલિતાણા અને નવસારીમાં ઝંઝાવતી અને પ્રચંડ પ્રચાર કરીને કોંગ્રેસ પાર્ટીને દરેક મુદ્દા ઉપર ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. નવસારીમાં લુન્સીકુઈ મેદાન ખાતે મોદીએ વિશાળ જાહેરસભાને સંબોધન કર્યું હતુ જેમાં તેમણે કહ્યું હુતં કે, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની પ્રચંડ જીત નિશ્ચિત દેખાઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ ગુજરાત વિરોધી રહી છે. તેઓએ અગાઉ પણ ચૂંટણીઓ જોઇ છે પરંતુ આ વખતે કોંગ્રેસ પાર્ટી વધારે પડતી પરેશાન થયેલી છે. તેની તમામ સંપત્તિ લુટાઇ ચુકી છે જેથી આડેધડ નિવેદનબાજી કરવામાં આવી રહી છે. વાતે વાતે ઝેર ઓકવાનું કામ કોંગ્રેસ દ્વારા કરાઈ રહ્યું છે. મોદીએ કહ્યું હતું કે, ૨૦૧૪માં બે લોકોની જોડી નિકળી હતી ત્યારે બધા કહેતા હતા કે, ભાજપના વળતા પાણી છે એટલે કોંગ્રેસે ગુજરાતીઓને ગધેડા કહ્યા હતા પરંતુ ગધેડાઓએ કોંગ્રેસને ઘર ભેગા કર્યા હતા. ગુજરાતીઓને ગધેડા કહેનાર લોકો હવે ગુજરાતમાં ગુજરાતીઓ પાસે મત માંગવા આવ્યા છે. ગુજરાતી લોકો તેનો હિસાબ પાક્કો કરશે. મોદીએ પોતાના ભાષણમાં ડોકલામ વેળા ભારત ચીનની સેના વચ્ચે સર્જાયેલા સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, ડોકલામ મામલે સરકાર પાસેથી માહિતી મેળવવાના બદલે ચીન પાસેથી માહિતી લેતા ફોટા જગજાહેર થયા હતા. જીએસટીને લઇને પણ મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, લોકોને પોતાના સગા યાદ આવે ત્યારે જીએસટીના નામે તેમને ગબ્બરસિંહ યાદ આવે છે. જેવા જેના સગા તેવા તેમને યાદ આવે તેમ કહીને મોદીએ ટકોર કરી હતી. યુવાનોને ભ્રમિત કરવાનું કામ જીએસટીના મુદ્દે થઇ રહ્યું છે. જીએસટી પછી મહારાષ્ટ્રમાં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી સાફ થઇ ચુકી છે.

## મોદી ખેડૂતોના દેવાને કેમ માફ કરતા નથી : રાહુલ

**મોદી વીજળી, પાણી-જમીન લઈ જાય અને મનની વાત સંભળાવી જાય**

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાતની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે બપોરે સોમનાથ મંદિરમાં દેવાધિદેવ મહાદેવ ભોળાનાથના દર્શન કરી સૌરાષ્ટ્રમાં તેમના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. વિશાળ જનસભાને સંબોધન દરમ્યાન ફરી એકવાર રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપે આપખુદશાહી ચલાવી છે અને તમને પણ આદત પડી ગઇ છે, મોદીજી, અમિત શાહજી અને રૂપાણીજી આવીને તેમના મનની વાત તમને સંભળાવી જાય છે. તમારા વીજળી, પાણી અને જમીન મોદીજી લઇ જાય છે અને તેમના મનની વાત સંભળાવી જાય છે. પરંતુ તેઓ કદી તમારા મનની વાત સાંભળતા નથી.

## ડીસામાં ઠાકોર સમાજના અગ્રણીઓ કોંગ્રેસમાં જોડાયા

### ભાજપે ડીસા બેઠક પર ટીકીટ ન આપતા રોષ




ડીસા

બનાસકાંઠા ની રાજકીય લેબોરેટરી ગણાતી ડીસા બેઠક પર ભાજપ દ્વારા ઠાકોર સમાજને ટીકીટ ન આપતા ઉગ્ર રોષ વ્યાપી જવા પામ્યો છે.જિલ્લામાં સૌથી વધુ મતદાર ઠાકોર સમાજ ના હોવા છતાં નવ માંથી માત્ર એક જ બેઠક ફાળવતા ઠાકોર સમાજ ના અગ્રણીઓ ભાજપ થી છેડો ફાડી રહયા છે.ડીસામાં બુધવારે ઠાકોર સમાજના યુવા અગ્રણીઓ ૫૦૦ જેટલા કાર્યકરો સાથે કોંગ્રેસમાં જોડાયા હતા.કોંગ્રેસના ધારાસભ્ય અને ઉમેદવાર ગોવાભાઈએ તમામ ને ખેસ પહેરાવી આવકાર્યા હતા. બનાસકાંઠામાં ઠાકોર સમાજ ના પાંચ લાખથી વધુ મતદાર હોવા છતાં ભાજપે માત્ર એક બેઠક દિયોદર ની બેઠક ફાળવતા ઠાકોર સમાજમાં રોષ ફેલાયેલો છે.ડીસા બેઠકની માંગ હતી પણ ડીસા ની બેઠક ફોર્મ રજુએ કરવાના અંતિમ દિવસે જાહેર કરી હતી કરણ કે ડીસા બેઠક પર જાતિવાદની

અનુસંધાન પાના નં.૬

### વિચાર વૈભવ...

'આજે તું સ્કુલમાં મોડો પડ્યો છે'

'હા'

'કારણ?'

'સર, બધાની વચ્ચે કહી શકાય તેમ નથી'

'નજીક આવીને મને કહી દે'

'સર, મમ્મી- પપ્પા ઝઘડતા હતા'

'એમને ઝઘડવા દેવા હતા. તારે સમયસર ઘરેથી નીકળી જવું હતું ને?'

'સર, મમ્મી- પપ્પા મારા જ બૂટથી ઝઘડતા હતા. એ ઝઘડતા ન અટકે ત્યાં સુધી હું ઘરેથી નીકળી શી રીતે શકું?'

*****

પાણી કોઈ પણ આકારના વાસણમાં ગોઠવાઈ જાય છે એ હકીકત તો છે જ પણ તપેલી જેવી તપેલી પણ પોતાના કરતાં જો મોટી તપેલી પોતાના સામે આવી જાય છે તો એમાં ગોઠવાઈ જાય છે. અને પોતાના કરતાં નાની તપેલી જો પોતાની સામે આવી જાય છે. તો પોતાનામાં અને એ સમાવી લે છે. ખેદની વાત છે કે આજના કાળે સંબંધ ક્ષેત્રે માણસ પોતાના મનને પાણી જેવું રાખવાનું તો ભૂલી જ ગયો છે; પરંતુ તપેલી જેવું બનાવવું પણ ભૂલી ગયો છે. એ પોતાના મનને બનાવી બેઠો છે પથ્થર જેવું. પોતે ક્યાંય ગોઠવાતો નથી અને પોતાનામાં કોઈને ય એ ગોઠવવા દેતો નથી. સંઘર્ષ- સમસ્યા અને ઘર્ષણ ન થાય તો બીજું શું થાય?

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

### સોશીયલ મિડિયામાં વાયરલ થયેલા મેસેજથી વિવાદ

## વડગામ બેઠકના અપક્ષ ઉમેદવારને મત આપવા મુસ્લીમ - દલીત સમાજને ઉશ્કેરતા રોષ

**મુંબઈ સ્થિત કહેવાતા મુસ્લીમ આગેવાનના મેસેજથી અન્ય સમાજ નારાજ**

પ્રતિ છાપી

વડગામ બેઠક ઉપર ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોંગ્રેસ દ્વારા અપક્ષ ઉમેદવાર દલિત નેતા જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં પોતાના ઉમેદવારને મેન્ડેડ ન આપી ખસેડાતા વડગામ કોંગ્રેસમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. દરમ્યાન જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં મુંબઈ સ્થિત મુસ્લીમ અગ્રણી દ્વારા તાલુકાના મુસ્લીમ અને દલિત સમાજને ઉદેશીને મત આપવા સોશીયલ મિડિયાના માધ્યમથી અપીલ કરતા તાલુકામાં જાતિવાદ ધ્રુવીકરણના બીજ રોપાવા સાથે અન્ય સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હોવાનું જાણવા મળે છે.

બનાસકાંઠા જિલ્લાની વડગામ બેઠક કોંગ્રેસની એક નંબરની સીટ ગણાય છે. સીટીંગ ધારાસભ્ય મણીભાઈ વાઘેલાને ખસેડી ઉનાકાંડના બહુચર્ચિત દલિત નેતા જીજ્ઞેશ મેવાણીને કોંગ્રેસ દ્વારા અપક્ષ ઉભા રાખી સમર્થન આપતા ભારે વિવાદ થયો છે. વડગામ બેઠક ઉપર મુસ્લીમ, દલિત, ચૌધરી, ઠાકોર, પ્રજાપતિ, દરબાર સમાજનું વર્ચસ્વ રહેલું છે. તેમ છતાં વડગામના માહી ગામના વતની અને હાલમાં મુંબઈમાં રહી વ્યવસાય કરતા અહેમદભાઈ સૌદાગર દ્વારા વડગામ બેઠકના મુસ્લીમ તેમજ દલિત સમાજને સંબોધી એક મેસેજ વોટસઅપ ઉપર મુકાયો હતો જેમાં લખવામાં આવ્યું હતું કે આર.એસ.એસ. અને નરેન્દ્રભાઈ મોદી તેમજ અમીત શાહ સામે દલિત અને મુસ્લીમ સમાજ માટે લડત લડતા અપક્ષ ઉમેદવાર જીજ્ઞેશ મેવાણીને મત આપી વિજયી બનાવો જીજ્ઞેશ મેવાણીની જાનનું જોખમ છે. આ બાબતે અમો ૩૦ થી ૪૦ મુસ્લીમ આગેવાનો વચ્ચે મુંબઈમાં મિટીંગ થઈ ગઈ છે અને ઉપર મુજબનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને અગામી ત્રણ ચાર દિવસમાં દેશમાં આવી સમગ્ર મુસ્લીમ સમાજની મિટીગ કરવામાં આવશે. સોશીયલ મિડિયામાં કથિત મુસ્લીમ આગેવાનના મેસેજથી વડગામમાં સર્વ સમાજને સાથે લઈ ચાલતા કોંગ્રેસના અગ્રણીઓ તેમજ ઈતર સમાજમાં ભારે નારાજગી સાથે આ મેસેજનો વિરોધ થયો હોવાનું જાણવા મળે છે.

### મેવાણીના સમર્થનમાં ફોર્મ પરત ખેચાવા મથામણ

વડગામ બેઠક ઉપર કોંગ્રેસના અશ્વિન પરમાર તેમજ બાલક્રિષ્ણ જીરાલા દ્વારા અપક્ષ ફોર્મ ભરતા કોંગ્રેસ દ્વારા આ બંન્ને ઉમેદવારોના ફોર્મ જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં પરત ખેચાવા માટે પ્રદેશ તેમજ કેન્દ્રીય કોંગ્રેસ આગેવાનો દ્વારા મંગળવાર બપોરથી પ્રયાસો હાથ ધરાયા હતા. પ્રદેશના આગેવાનોએ જિલ્લામાં ધામા નાખ્યા હોવાનું જાણવા મળે છે. જો કે આ બંન્ને અપક્ષોએ ફોર્મ પરત ખેચાવા નનૈયો ભર્યો હોવાનું જાણવા મળે છે.






સૂર્યોદય - ૭.૦૫ સૂર્યાસ્ત - ૫.૫૨

## તિથિદર્શન

માગસર સુદ-૧૧ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :અગીયારસ ગુરૂવાર નક્ષત્ર: રેવતી સાંજે ૪.૧૩ પછી અશ્વીની યોગ : વ્યતીપાત કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) સાંજે ૪.૧૩ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### અવશ્યં ભાવિ ભાવનામ્ પ્રતિ-કારો ભવેદ્ યદિ તદ્દા દુઃખેર્ન લિપ્યેરન્ નલરાજ્યુધિષ્ઠિરા:

'નિશ્ચિત રીતે જ બનવાનું છે તેનો પ્રતિકાર જો શક્ય હોય તો નળરાજ, ભગવાન રામ અને ધર્મરાજ યુદ્ધિષ્ઠિર વગેરે સમર્થ એવા લોકો દુઃખથી ન પીડાત અર્થાત્ કર્મયોગ પ્રમાણે જે બનવાનું છે તે બને છે,તેનો વિરોધ- સામનો કોઈ કરી શકતું નથી, ગમે તેટલા શક્તિશાળી સમર્થ કેમ ન હોય! જે પીડા- દુઃખ- આપત્તિ તેને ભોગવવાનાં હોય તે ભોગવવાં જ પડે; ભલે એ મહાપુરુષ કેમ ન હોય! કર્મ પ્રમાણે સુખ- દુઃખ ભોગવવાં જ પડે. એવી જ રીતે તુલસીદાસજીએ બાલકાંડમાં -ચોપાઈ (૯૦/૪) માં કહ્યું છે કે સિય રઘુવીર કિ કાનન જોગુ. કરમ પ્રધાન સત્ય કહ લોગુ. સીતાજી અને રામ શું વનવાસને પાત્ર હતાં? આવાં પવિત્ર- સંસ્કારી પરમાત્માઓને પણ વનવાસ દુઃખ ભોગવવું પડ્યું તેથી જ સિદ્ધિ થાય છે. આ સંસાર કર્મપ્રધાન છે અને તે ભોગવવા સુખ- દુઃખ આવતાં જ રહે અને ભોગવવાં જ પડે. ચોપાઈ ૯૧/૨માં લક્ષ્મણજી પણ કહે છે, કાઉ ન કોઉ સુખ- દુઃખ કર દાતા. 'નિજ કૃત કરમ ભોગ સબુ ભ્રાતા' હે ભાઈ! નિષાદરાજ- કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી પરંતુ સૌને પોતે- પોતાના ભાગ્યમાં આવેલા કર્મ અનુસાર સુખ- દુઃખ ભોગવવાં જ પડે છે.'

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) લાભની નવિન તક સાંપડે, વડીલવર્ગથી લાભ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.**
**મિથુન : (ક.છ.ઘ.)માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.**
**કર્ક : (ડ.હ.)સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસમાં લાભ થાય.**
**સિંહ : (મ.ટ.) આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.વાણીસંયમ જાળવવો.**
**કન્યા : (પ.ઠ.ણ.) અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.**
**તુલા : (ર.ત.) નાણાંભીડ અનુભવાય. ભાઇ-બહેનસાથે વાક્યયુદ્ધ થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. મનમાં અશાંતિ રહે.**
**ધન : (ભ.ફ.ધ.)પ્રવાસમાં હાનિ. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**
**મકર : (ખ.જ.)જૂના શત્રુઓનું જોર વધે. સરળ કાર્યો કઠીન બની જાય.**
**કુંભ : (ગ.શ.સ.)મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિદ્યાવ્યાસંગી દાનવીર, ઉદ્યોગપતિ, સર વિઠ્ઠલદાસ ઠાકરસીની જન્મ જયંતી છે.

એમનો જન્મ તા. ૩૦-૧૧-૧૮૭૩ ના રોજ મુંબઈમાં થયો હતો. ૨૩ વર્ષની નાની વયે તો વિઠ્ઠલદાસ 'મિલઉદ્યોગના રાજા' તરીકે ઓળખાવા લાગ્યા. સરકારે તેમને જે.પી.નો હોદ્દો અને 'નાઈટ હુડ' નો ખિતાબ આપી તેમની વિરલ-વિશિષ્ટ શકિતની કદર કરેલી. ૩૩ વર્ષની વયે તો તેઓ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર બન્યા હતા. એમણે પોતે પંદર લાખની સખાવત કરી. મુંબઈમાં શ્રીનાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ શરૂ કરાવી.

તા.૧૨-૮-૧૯૨૨ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આજે ૩૦ મી નવેમ્બરે એક રૂપિયાની ચલણી નોટનો ૧૦૦ મો જન્મ દિવસ ઉજવાશે

તા.પ્રતિનિધિ થરા

ભારતીય ચૂંટણી પંચની કડકાઈની જાણ પ્રજાને ચુંટણી કમિશ્નર ટી.એન. શેષાનના ફુંફાડાથી પડી તેમ રાષ્ટ્રીય ચલણ અને બેંકોનું મહત્વ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠમી નવેમ્બર-૨૦૧૬ ના રાત્રે આઠ વાગે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ ની ચલણી નોટ હવે ''લીગલ ટેન્ડર નહી રહેગી. ઘોષણા સાથે જાહેરાત કરતાં ભારતીય ચલણ અને બેંકોનું મહત્વ પ્રજાને સમજાઈ ગયું. ૫૦ દિવસ સુધી દેશમાં જે અફડા તફડીનો માહોલ જોવા મળ્યો તેની કળ પ્રજાને વળી નથી ત્યાં આજે ૩૦ મી નવેમ્બર ૨૦૧૭ ના ભારતીય એક રૂપિયાની ચલણી નોટ સો વર્ષની થશે. એક રૂપિયાની નોટ ભારત સરકાર બહાર પાડે છે અને રૂપિયા બે થી માંડીને બે હજાર સુધીની ચલણી નોટ ચલણમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એકની ચલણી નોટ પર ભારત સરકારના નાણાં સચિવ, જ્યારે રૂપિયા બે થી માંડીને બે હજારની નોટ પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એક ચલણી નોટ પર ભારત સરકારના નાણાં સચિવ, જ્યારે રૂપિયા બે થી માંડીને બે હજારની નોટ પર રિઝર્વ બેંકના ગવર્નર સહી થાય છે. ૧૯૮૫ સુધી તો એક, બે, પાંચ, દશ, વીસ, પચ્ચીસ, પચાસ પૈસાનું ચલણ બહુ રાજીખુશીથી વ્યવહારમાં ચાલતું હતું. પરંતુ લોકસેવકોની પ્રતિષ્ઠાની જેમ મોંઘવારી એટલી ઝડપથી વધવા લાગી કે આ બધી ચિલર-પરચુરણ ગાયબ થઈ તેમ તેમ પ્રજા હેરાન ને ટેક્સની આંટીઘુંટી વધવા લાગી. એક રૂપિયાની કિંમત કોડીની ન રહીને ડોલર ડુંગર જેવો બનતો ગયો. આજે એક રૂપિયાનો ૧૦૦ મો




યશપાલસિંહ ટી.વાઘેલા

જન્મ દિવસ ઉજવવાનો છે ત્યારે તેની કુંડળી તો જોઈએ.

ભારતમાં એક રૂપિયાની નોટ તા. ૩૦/૧૧/૧૯૧૭ જ્યોર્જ પાંચમાના સમયે બહાર પાડવામાં આવી હતી. તેના પર જ્યોર્જ પાંચમાનો જ ફોટો હતો ને નોટ નંબર અને ભારત સરકારના અધિકારીની સહી હતી. આ નોટ ઈંગ્લેન્ડમાં છાપવામાં આવી હતી. ૧૯૧૭ માં પિન્ટ થયેલી આ નોટનો ઉલ્લેખ રાજસ્થાનના કિશોર ઝુનઝુનવાળાના પુસ્તકમાં પણ છે. રાજસ્થાનના કોટા જિલ્લાના નોટ - સિક્કાના સંગ્રહ કર્તા શુભમ લોઢા પાસે દેશમાં અત્યાર સુધી પ્રિન્ટ થયેલી રૂપિયા એકની દરેક પ્રકારની નોટોનો સંગ્રહ છે. તેમની પાસે ૧૯૪૦ માં બ્રિટિશ સરકાર દ્વારા પ્રિન્ટ કરાયેલ એક રૂપિયાની નોટ પણ છે. નોટ સંગ્રહકર્તા શુભમે એવું જણાવ્યું હતું કે, ૧૯૧૭ થી માંડીને આજ સુધી એક રૂપિયાની નોટની ડીઝાઈન ૧૫ વખત બદલવામાં આવી છે.

બેંક નોટ નિષ્ણાત અને સંશોધક ડૉ.એસ.કે.રાઠી જણાવે છે કે, ૧૯૧૭ પહેલા મહારાણી વિક્ટોરીયા તથા કિંગ એડવર્ડના સમયમાં એક રૂપિયાની નોટ પ્રસિધ્ધ કરી શકાતી નહોતી. ૧૯૯૪ સુધી એક રૂપિયાની નોટ ચલણમાં ઓછી હતી. તેથી કેન્દ્ર સરકારે તેનું પ્રિન્ટીંગ બંધ કરાવી દીધું હતું. ૨૦૧૫ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રૂપિયાની નોટનું પ્રિટીંગ ચાલુ કરાવ્યું છે. આ નોટનું પ્રિન્ટીંગ કામ ચાલુ છે. જેની પર ગાંધીજીના ચશ્મા અને સ્વચ્છ ભારત લખેલું છે એક રૂપિયાની નવી જાહેર કરેલી નોટનો રંગ ગુલાબી અને લીલો છે. જુની નોટ ઈન્ડીગોગની હતી. તેથી સૌથી ઉપર ભારત સરકાર અને નીચે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા છપાયેલું છે. બાકી બધી નોટ પર ભારતીય રિઝર્વ બેંક અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા છપાયેલું હોય છે.

૧૯૧૭ માં ઈંગ્લેન્ડમાં એક રૂપિયાની છપાયેલી નોટ હાથ બનાવટના પેપરથી બનેલી હતી. તેના પર વોટરમાર્કની બે વેરાઈટી હતી. તે સમયે આવી નોટ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા (જે આજે કેન્યા, યુગાન્ડા તથા તાન્ઝાનીયા છે.) માં ચાલતી હતી. તેના પર એમએમએસ ગ્યુબ્બેની સહી હતી. જ્યોર્જ પાંચમાના સમયમાં પાંચ અલગ અલગ વિભાગની અધિકારીની સહીથી આ નોટ ચલણમાં મુકવામાં આવી હતી. જ્યોર્જ છઠ્ઠાના સમયમાં માત્ર એક અધિકારીની સહીવાળી નોટ ચલણમાં મુકાઈ હતી. જેના પર સી.ઈ.જોન્સની સહી હતી. આ નોટ ૧૯૫૭ માં પાછી ખેંચી લેવાઈ હતી. ભારત આઝાદ થયા પછી ૧૯૪૯ થી ૨૦૧૫ સુધી ૧૯ અધિકારીઓની સહીથી એક રૂપિયાની નોટ ચલણમાં મુકવામાં આવી. આજે ૩૦ મી નવેમ્બર-૨૦૧૭ ના રોજના આપણી મોંઘવારીમાં લુપ્ત થયેલી છતાં વહાલી લાગતી એક રૂપિયાની નોટ તેના ૧૦૦ મો જન્મ દિવસ ઉજવશે.

# શ્રીમદ્ ભગવદ્ગીતા જયંતિ વિશેષ

**(માગશર સુદ - અગિયારસ)**

કૃષ્ણ દ્વૈપાયન અર્થાત્ મહર્ષિ વેદ વ્યાસ દ્વારા સર્જાયેલ ભારતીય સંસ્કૃતિના જ્ઞાનકોશ સમા મહાભારતના ભીષ્મપર્વના ૨૫ થી ૪૨ સુધીના અઢાર અધ્યાય શ્રીમદ્ ભગવદગીતા નામે જગવિખ્યાંત છે.

શ્રીમદ્ ભગવદ ગીતાનો શાબ્દિક અર્થ શ્રીમાન ભગવાન (કૃષ્ણ) વડે ગવાયેલી નહિ કે કહેવાયેલી, બોલાયેલી ! શ્રીમદ્ ભગવદ્ગીતા સનાતન ધર્મનો અત્યંત લોકપ્રિય અને દિવ્ય ગ્રંથ છે ગીતામાં જીવન જીવવાનો મર્મ સમાયેલો હોવાથી જગતની ફિલસોફીમાં બેનમૂન સ્થાન પ્રાપ્ત થયુ છે. વિશ્વની લગભગ તમામ ભાષામાં ગીતાના તરજુમા થયા છે વિદેશમાં ગીતાના પાઠ ભણવા તગડી ફી ચુકવવી પડે છે ત્યારે એમ સનાતની ગીતાના માહાત્મ્યને ન સમજે એ ચાલે ? ગીતાએ સનાતન ધર્મને વિશ્વના નક્શા પર ઉજાગર કર્યુ છે. એમ તો ગીતા એક એક મહાકાવ્ય એવા મહાભારતનો ભાગ માત્ર છે, તે કોઈ સ્વતંત્ર ગ્રંથ નથી. છતાં તેમાં નિરૂપાયેલા મેનેજમેન્ટના સિધ્ધાંતો સરળ - હૃદયસ્પર્શી - સ્પષ્ટ હોવાથી અનન્ય ધર્મગ્રંથ તરીકે તત્વચિંતિકો સ્વીકારે છે. અપનાવે છે.

ગીતા એક એવો ગ્રંથ છે જેનું વાંચન - પઠન કરવાથી કોઈ ધર્મના વ્યક્તિમાં પરિવર્તન જરૂર આવશે. એને કોઈ ધર્મ પરિવર્તન કરવાની જરૂર જહી પડે એમ સ્વામી વિવેકાનંદે ૧૮૯૩ ના સિકાગો ખાતે યોજાયેલી ધર્મ પરિષદમાં જણાવ્યું હતું. જીવનમાં જ્યારે પણ મૂંઝવણ ઉભી થતી ત્યારે તેમાંથી છુટકારો મેળવવા આપણા રાષ્ટ્રપિતા ગીતાનો સહારો લેતા એવી તેમણે નિખાલસ કબૂલાત કરેલી છે. આપણા સૌથી વધુ લોકપ્રિય રાષ્ટ્રપતિ અને જેમને રોજ સલામ કરવાનું મન થાય એવા કલામ સાહેબ પણ ગીતાનું પઠન કરતા હતા.

જગત નિયંતા ભગવાન કૃષ્ણે યુધ્ધના મેદાનમાં કુંત્તીપુત્ર - પ્રથા પુત્ર અર્જુન - પાર્થને ગીતાનો બોધ આપી યુધ્ધ લડવા માટે તૈયાર કર્યો હતો ! પાર્થને કહો ચડાવે બાણ.. હવે તો યુધ્ધ એ જ કલ્યાણ ગીતાનો મહિમા વર્ણવવો એ કંઈ નાની સુની વાત નથી. છતાં એટલુ તો ચોક્કસ પણે કહી શકાય કે ગીતા વાંચવાથી નવીન ઉર્જા મળે છે. ઘરમાં સુખશાંતિ થાય છે અવરોધો ટળી જાય છે (એમ લખનારનું માનવું છે.)

સામાન્ય રીતે એવો નિયમ છે કે માણસ મરણ પથારીએ હોય ત્યારે ગીતા સંભળાવવામાં આવે છે. કે જેથી કરીનુ તે આત્માનો મોક્ષ થાય. વિચારો ભારતીય સંસ્કૃતિથી કેટલી ઉમદા ભાવના ! કેટલું ઉંડુ તત્વજ્ઞાન ! જો ગીતાના નામ માત્ર કાને પડવાથી આત્માનો મોક્ષ થતો હોય તો જીવનભર ગીતા વાંચવાથી જીવનમાં કેવુ પરિવર્તન આવે તેની કલ્પના કરવી એ આપણા ગજા બહારની વાત છે !

જેમ પાણીમાં સ્નાન કરવાથી શરીરનો મેલ દૂર થાય છે તેમ ગીતા રૂપી જળમાં સ્નાન કરવાથી સંસાર રૂપી મળ - મેલ કચરો નાશ થાય છે. કહેવાય છે કે વેદોનો પ્રાદુર્ભાવ ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી જન્મેલ બ્રહ્માજીના મુખથી થયો છે જ્યારે ગીતા તો સ્વયં વિષ્ણુ અવતારી ભગવાન કૃષ્ણના મુખારવિંદમાંથી પ્રગટ થયેલી દિવ્યાતિ દિવ્ય વાણી છે આથી સૌ કોઈ સનાતએ ગીતા ગાવી જોઈએ. વેદોનો સાર ઉપનિષદમાં છે અને ઉપનિષદનો સાર ગીતામાં છે તેથી ગીતાને ઉપનિષદ ગણીએ તો કંઈ ખોટું નથી.

જ્યાં સુધી હિમાલય રહેશે ગંગા - જમના વહેતી રહેશે ત્યાં સુધી ભગવાન યોગેશ્વરના હૃદયની વાણી સ્વરૂપ ગીતાના જ્ઞાનની ગરીમાંથી ભારતવર્ષની જનતા લાભાન્વિત થતી રહેશે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

**જિતેન્દ્ર એમ.ટાંક (માલગઢ)**

# બહુચરાજીમાં કોંગ્રેસના ઉમેદવારની પસંદગી સામે વિરોધ

ચાણસ્મા

ચાણસ્મા અને બહુચરાજી વિધાનસભા માટે ભાજપ, કોંગ્રેસ અને એક મજબુત અપક્ષ ઉમેદવાર મેદાનમાં આવતા આ બન્ને બેઠકો માટે ત્રિપાંખીયો જંગ ખેલાશે. જો કે હજુ આજે ૩૦ મી તારીખે ફોર્મ ખેંચવાની પરત તારીખ બાદ ચિત્ર સ્પષ્ટ બનશે. બહુચરાજી બેઠક માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ક્ષત્રિય સેનામાં નવોદિત ઉમેદવાર ભરતજી ઠાકોરની પસંદગી થતાં કોંગ્રેસ પક્ષમાં રોષ ભભુકતા તેની ઉગ્ર રજુઆત બહુચરાજી તાલુકાના મત વિસ્તારના કાર્યકરો દ્વારા ગુ-જરાત પ્રદેશ કચેરી સુધી ધારદાર રજુઆત કરવામાં આવી હતી.

બહુચરાજી વિધાનસભા મત વિસ્તારમાં બહુચરાજી, જોટાણા અને મહેસાણા તાલુકાના ગામડાઓનો સમાવેશ થાય છે. આ બેઠક ઉપર ભાજપે વર્તમાન ધારાસભ્ય અને ભૂતપૂર્વ ગૃહમંત્રી રજની પટેલને મેદાને ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસમાંથી પ્રબળ દાવેદાર ભોપાજી ઠાકોર, રાજેન્દ્રસિંહ દરબાર અને કિરીટ પટેલ (દેવગઢ) ની બાદબાકી કરી નવોદિત ઉમેદવાર ભરતજી ઠાકોરની પસંદગી કરતાં આ વિસ્તારના કોંગ્રેસના દાવેદારો અને કાર્યકરોમાં ભારે નારાજગી વ્યાપી છે. જેથી નારાજ થઈને કિરીટ પટેલે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જેથી ભાવિ રણનીતિ ઘડવા ગઈકાલે બહુચરાજી મણિધર વિલેજમાં કિરીટ પટેલ તેમજ કોંગ્રેસથી અસંતુષ્ટ કાર્યકરોની એક મીટીંગ મળી હતી. અને તેમાં નક્કી થયા મુજબ આજે મોટી સંખ્યામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમક્ષ કાર્યકરો દ્વારા કોંગ્રેસના ઉમેદાવર બદલવા નેતાગીરીને અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જો આ બેઠક બેઠક ઉપર અપક્ષ ઉમેદવારની દાવેદારી ચાલુ રહેશે તો તેનો સીધો લાભ ભાજપના ઉમેદવારને થશે તેમ રાજકીય પંડિતો માની રહ્યા છે.

ચાણસ્માની બેઠક ઉપર ભાજપે વર્તમાન ધારાસભ્ય અને રાજયના કેબીનેટ મંત્રી દિલીપ ઠાકોરની પસંદગી કરી છે. જ્યારે કોંગ્રેસના સંભવિત દાવેદારોની અવગણના કરી અગાઉની રાધનપુર બેઠક ઉપર અલ્પેશ ઠાકોરની પસંદગી થતાં રઘુ દેસાઈને ત્યાંથી ખસેડીને ચાણસ્મા બેઠક ઉપર ઉમેદવાર બનાવી સૌને ચોંકાવી દીધા હતા. પરિણામે કોંગ્રેસમાં ઉકળતા ચરૂ જેવી સ્ફોટક પરિસ્થિતિ ઉભી થઈ છે. અગાઉ આ બેઠક ઉપર બે વખત કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી હારનો સામનો કરી ચુકેલા દિનેશ ઠાકોરે અપક્ષ ઉમેદવારી નોંધાવી કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી છે. અપક્ષ ઉમેદવારે આ વિસ્તારમાં આવતા ચાણસ્મા, હારીજ, સમી અને શંખેશ્વર તાલુકાના ઠાકોર સમાજને એકત્રિત કરી તેમનો મત જાણવા પ્રયાસો હાથ ધર્યા છે. કોંગ્રેસમાં રઘુ દેસાઈની જાહેરાત બાદ કોંગ્રેસના મોટાભાગના દાવેદારોને મનાવી લેવામાં સફળતા મળી હોવાનું રાજકીય સુત્રો જણાવી રહ્યા છે. આ બેઠકનું અંતિમ ચિત્ર ફોર્મ પરત ખેંચવાની અંતિમ ૩૦ મી તારીખે સ્પષ્ટ થશે. જો અપક્ષ ઉમેદવાર આ બેઠક ઉપરથી ન ખસી જાય તો તેનુ સીધુ નુકશાન કોંગ્રેસના માન્ય ઉમેદવાર રઘુ દેસાઈને થતાં સતત ત્રીજી વખત આ બેઠક ઉપર ભાજપનું કમળ ખીલે તો નવાઈ નહી.

# પાલનપુરમાં ફરી એકવાર બ્ર.કુ.પૂનમબહેન દ્વારા 'અલવિદા તનાવ' શિબિરનું આયોજન

ડીસા

આજની ભાગદોડવાળી જિંદગીમાં લોકો પાસે એકએકથી ચડિયાતા સુખના સાધનો હોવા છતાં સુખ નથી, ધનનું બળ, જ્ઞાનનું બળ અને બાહુબળ હોવા છતાં પણ આધ્યાત્મિક બળ ન હોવાના કારણે વ્યક્તિ પોતાની જાતને દુઃખી અને અસુરક્ષિત મહેસુસ કરે છે. જીવનમાંથી ખુશી છીનવાઈ ગઈ છે, આપણે હસવાનું પણ ભુલી ગયા છીએ. જીવન મહત્વાકાંક્ષી થઈ ગયું છે. વ્યક્તિ ઓછા સમયમાં વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતો થઈ ગયો છે. જેના કારણે લોકોનું જીવન ડીપ્રેશન તથા માનસિક તાણનો શિકાર બનવાથી ડાયાબિટીશ, બ્લડપ્રેશર, હૃદયરોગ જેવી ગંભીર પ્રકારની બિમારીઓથી સપડાયો છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રખ્યાત તનાવમુક્ત વિશેષજ્ઞા (સ્ટ્રેસ મેનેજમેન્ટ એક્ષપર્ટ) બ્ર.હુ.પૂનમબહેન દ્વારા આધ્યાત્મિકતા આપણા જીવનનો આધાર બનીને વર્તમાન સમયમાં એક સંપૂર્ણ, સ્વસ્થ, નીરોગી અને નિશ્ચિત જીવન જીવવાની કલા શિખવવા શિબિરનું આયોજન કરેલ છે.

બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર પાલનપુર દ્વારા તા. ૨૧/૧૨/૨૦૧૭ થી ૦૧/૦૧/૨૦૧૮ દરમ્યાન દરરોજ સવારે ૫:૪૫ થી ૭:૪૫ વાગ્યા સુધી સંતોકબા પ્લોટ, કૈલાશમંદિરની



પાછળ, બેચરપુરા, પાલનપુર ખાતે નિઃશુલ્ક ''અલવિદા તનાવ'' શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પાલનપુરના નગરજનોને અચુક લાભ લેવા બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર પાલનપુરના સંચાલિકા બ્ર.કુ. ભારતીબેને જણાવ્યું છે.

શિબિરમાં નગરજનોને ભાગ લેવા માટે સંસ્થાના ભાઈ-બહેનો દરેક વિસ્તારમાં અને અમુક ચોક્કસ જગ્યાએ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવશે. જેનો લાભ લેવા જાહેર આમંત્રણ છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, પાલનપુર ખાતે આજથી ૧૩ વર્ષ પૂર્વે કોલેજ કંમ્પાઉન્ડ વિસ્તારમાં આદરણીય બ્ર.કુ.પૂનમબહેન દ્વારા અલવીદા તનાવ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ફળ સ્વરૂપે કેટલાય ભાઈ-બહેનો આજે પોતાનું જીવન સ્વસ્થ, નીરોગી અને નિશ્ચિત પણે સુખેથી વિતાવી રહ્યા છે.

# તા. ૨ ડિસે.ના રોજ પાલનપુર ખાતે ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં ઈવીએમ- વીવીપેટ મશીનોનું સેકન્ડ રેન્ડમાઈઝેશન કરાશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે જિલ્લા- ચુંટણી અધિકારી અને કલેક્ટર બનાસકાંઠા દ્વારા જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના કુલ ૯ વિધાનસભા મતવિભાગોને બુથવાઈઝ ઈવીએમ- વીવીપેટ ફાળવવા સેકન્ડ રેન્ડમાઈઝેશન તા. ૨/૧૨/૨૦૧૭ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરની કચેરી પાલનપુર ખાતે જનરલ ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં હાથ ધરાશે. આ સંદર્ભે બહુજન સમાજ પાર્ટી, ભારતીય જનતા પાર્ટી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીઓના પ્રમુખો સહિત હરીફ ઉમેદવારો અથવા તેઓના માન્ય પ્રતિનિધિઓને જરૂરી ઓળખકાર્ડ સહિત ઉપસ્થિત રહેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બનાસકાંઠા દ્વારા જણાવાયું છે.

# ડીસાના વોડ નં.૫ માં કોંગ્રેસના ઉમેદવાર દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાન



ડીસા

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ દેસાઈના સમર્થનમાં ડોર ટુ ડોર પ્રચાર કાર્ય ચાલી રહ્યું છે. જેમાં ગઈકાલે ડીસા શહેરના વોર્ડ નં.૫ માં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, ડીસાના પ્રભારી રાજસ્થાનના ચંપાલાલ સુદેશા, હર્ષદભાઈ પઢિયાર, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ઓ.બી.સી. સેલના ઉપાધ્યક્ષ જગદીશભાઈ મોદી, કોંગ્રેસ શહેર મહામંત્રી શૈલેષ વ્યાસ, તાલુકા ડેલીગેટ મુકેશભાઈ સોલંકી, પ્રભાત દેસાઈ, અમરત દેસાઈ, દિનેશભાઈ ચૌહાણ, રોહિતભાઈ પટેલ, જિલ્લા ડેલીગેટ સંજયભાઈ દેસાઈ, શહેર યુવા પ્રમુખ સાગર દેસાઈ, મોહનભાઈ દેસાઈ, કનુભાઈ ત્રિવેદી, જગદીશભાઈ જોષી તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. ચૂંટણી પ્રચારમાં આમ જનતાનો ભવ્ય આવકાર મળી રહ્યો છે.

# નેત્રહીન અને દિવ્યાંગ કર્મચારીઓને સીસીસીની પરીક્ષા માટે નવા કેન્દ્રોને માન્યતા

ગાંધીનગર

નેત્રહીન અને દિવ્યાંગ કર્મચારીઓ તથા અધિકારીઓ સીધી ભરતી કે બઢતીથી નિમણૂંક સમયે ફરજીયાત એવી કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી અને સીસીસી પ્લસની પરીક્ષા નવા પાંચ કેન્દ્રોમાંથી આપી શકશે.

જે મુજબ મધ્ય ઝોનમાં અંધજન મંડળ, ડૉ.જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ જેમાં અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાનો સમાવેશ થાય છે. પશ્ચિમ ઝોનમાં અંધજન કલ્યાણ ટ્રસ્ટ, સ્ટેશન રોડ, ધોરાજી, જિલ્લો-રાજકોટ જેમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, ભાવનગર અને અમરેલીનો સમાવેશ થાય છે. પૂર્વ ઝોનમાં બ્લાઈન્?ડ વેલફેર કાઉન્સિલ, પંચમુખી હનુમાન મંદિર સામે, મંડાવ રોડ, દાહોદ જેમાં દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાનો સમાવેશ થાય છે. દક્ષિણ ઝોનમાં રાષ્ટ્રીય દ્રષ્ટિહીન કલ્યાણ સંઘ, વલસાડ જિલ્લા શાખા, નાનકવાડા રોડ, દત્ત મંદિર પાસે, વલસાડ જેમાં સુરત, વલસાડ, તાપી, ડાંગ અને નવસારી જિલ્લાનો સમાવેશ થાય છે અને અંતમાં ઉત્તર ઝોનમાં વિકલાંગ વિદ્યાવિહાર, માધાપર-કચ્છ (ભૂજ) જેમાં કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણ જિલ્લાનો સમાવેશ થાય છે.

**અનુસંધાન પાના નં.૬**

# બનાસકાંઠા જિલ્લાની ૪ વિધાનસભા બેઠકો ઉપરથી ૧૦ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેચ્યા

પાલનપુર

વિધાનસભા સામાન્યએ ચૂંટણી-૨૦૧૭ અન્વોયે ફોર્મ પાછા ખેંચવાના પ્રથમ દિવસે તા.૨૯/૧૧/૨૦૧૭ના રોજ બપોરે-૩ વાગ્યા સુધી જિલ્લાની ૯ વિધાનસભા બેઠકો પૈકી ૪ વિધાનસભા બેઠકો ઉપરથી ૧૦ ઉમેદવારોએ ફોર્મ ખેચ્યા હતા. જેમાં ૮-થરાદ બેઠક પરથી ૩ ઉમેદવારો, ૯-ધાનેરા બેઠક પરથી ૩ ઉમેદવારો અને ૧૨-પાલનપુર તથા ૧૨-ડીસા બેઠક પરથી ૨-૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે. બાકીની ૫ બેઠકો પરથી કોઇ ફોર્મ પરત ખેંચવામાં આવ્યા નથી.

# દિયોદર બેઠકના ભાજપ ઉમેદવારનો આજનો ચૂંટણી પ્રવાસ

તા.પ્રતિ. દિયોદર

દિયોદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્ય કેશાજી ચૌહાણ આજે દિયોદર મત વિસ્તારના વિવિધ ગામોમાં ચૂંટણી પ્રચાર અર્થે પ્રવાસ કરશે. તેઓ સવારે ૯-૦૦ કલાકે મોજરૂજુના, સવારે ૧૦-૦૦ કલાકે મોજરૂનવા, સવારે ૧૦-૩૦ કલાકે સેસણનવા, સવારે ૧૧-૦૦ કલાકે સેસણ જુના, સવારે ૧૧-૩૦ કલાકે વાતમજુના, બપોરે ૧૨-૦૦ કલાકે વાતમનવા, બપોરે ૧૨-૩૦ કલાકે નરાણા, બપોરે ૧૩-૦૦ કલાકે જાલોઢા, બપોરે ૧૩-૩૦ કલાકે માનપુરા (જા) બપોરે ૧૪-૦૦ કલાકે નવાપુરા, બપોરે ૧૪-૩૦ સોની, બપોરે ૧૫-૦૦ કલાકે ફોરણા, બપોરે ૧૫-૩૦ કલાકે કોટડા (ફો) સાંજે ૧૬-૦૦ કલાકે ડુચકવાડા, સાંજે ૧૬-૩૦ કલાકે ચગવડા, સાંજે ૧૭-૦૦ કલાકે ચમનપુરા, સાંજના ૮-૦૦ થી ૧૦-૦૦ દિયોદર પરત ફરશે તેમની સાથે વનરાજસિંહ, ઈશ્વરસિંહ અને નવીનભાઈ વગેરે સહિત કાર્યકરો જોડાશે.

# દિયોદર તાલુકા કોંગ્રેસ ઓ.બી.સી. વિભાગમાં વરણી

પ્રતિ. કોતરવાડા

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી ડીપાર્ટમેન્ટના પ્રમુખ બળદેવજી ઠાકોરના આદેશ અનુસાર જિલ્લા ભાજપ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણની ભલામણથી જિલ્લા કોંગ્રેસ ઓ.બી.સી ડીપાર્ટમેન્ટના પ્રમુખ સોરાબજી ચતરાજી ઠાકોરે દિયોદર તાલુકા કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના પ્રમુખ પદે અભેસિંગ શાંતિજી ઠાકોર (કોતરવાડા) ની વરણી કરી છે.

# હાર્દિક પટેલની તમામ સભાઓનું રેકોર્ડીંગ થશે : ચૂંટણી પંચ

ગાંધીનગર

પાસ ના પ્રણેતા હાર્દિક પટેલ દ્વારા ચૂંટણી ટાઈમે કરવા માં આવતી સભાઓ નું રેકોર્ડિંગ કરવા માં આવશે અને તેના પ્રવચન માં વર્ગ વિગ્રહ ના મુદ્દા જોવા મળશે તો તેની સામે પણ ચૂંટણી પંચ કડક પગલાં લેતા ખચકાશે નહીં.તેમ મુખ્ય ચૂંટણી અધિકારી બી બી સ્વૈન એ જણાવ્યું છે.

ગુજરાત વિધાન સભા ની ચૂંટણી ઓ વેળા એ જ હાર્દિક પટેલ દ્વારા ગુજરાત માં ઠેર ઠેર જન સભાઓ યોજાય છે.. જેમાં અનેક માનવ મહેરામણ ઉમટી પડે છે. આ સમયે રાજ્ય માં અલગ અલગ જ્ઞાતિ ઓ વચ્ચે વર્ગ વિગ્રહ ઉભો થઈ જય એવા પ્રવચનો હાર્દિક પટેલ કરે છે. ત્યારે પત્રકાર પરિષદ માં આ મુદ્દે મુખ્ય ચૂંટણી અધિકારી ને પ્રશ્ન કરવા માં આવ્યો હતો કે હાર્દિક પટેલ સરકાર ની મંજૂરી વિના કેવીરીતે સભાઓ કરી શકે? આ મામલે રાજ્ય પોલીસ કે ચૂંટણી પંચે હજુ કેમ કોઈ પગલાં ભર્યા નથી ? જો કે તેના જવાબ માં બી બી સ્વૈન એ જણાવ્યું હતું કે સભાની મંજૂરી માંગવા માટે ચૂંટણી પંચ ના આદેશ અનુસાર જે તે જિલ્લા ના એસપી , કલેકટર, અને કમિશ્નર ને અધિકારો આપ્યા છે. અને તે અધિકારી જે તે જિલ્લા ની કાયદો વ્યવસ્થા ની વર્તમાન સ્થિતિ નો અભ્યાસ કરી પછી જ નિર્ણય કરે છે અને જો કોઈ વર્ગ વિગ્રહ ની વાત ક મુદ્દા તેના સએ આવે તો તેના વિરુદ્ધ પગક જે તે ઓથોરિટી એ જ કરવાના હોય છે. હાર્દિક પટેલ ચોક્કસ રાજકીય પાર્ટી ને મત આપવા અંગે નો નિર્દેશ પ્રવચન માં કરશે તો ચૂંટણી પંચ શુ કરશે ?

**અનુસંધાન પાના નં.૬**

## તંત્રી સ્થાનેથી ...

**હસમુખ ચહેરો રોગી માટે એટલું જ સારૂં છે જેટલું કે અનુકૂળ ઋતુ...**

# રાફેલ ડીલ : કોંગ્રેસ-ભાજપના દાવા અને સત્ય

ભારતે સાત દાયકામાં પાંચ લડાઈ લડવી પડી છે અને ચીનનો વિસ્તારવાદ જોતાં ભારત પર મોટું લશ્કરી જોખમ છે. આની સામે દેશના સંરક્ષણ માટે ભારતે લડાકુ વિમાનોના મોટા કાફલાની જરૂર છે. સંરક્ષણનિષ્ણાતોના અભિપ્રાય મુજબ બની શકે તો ૩૦૦ અને નહીં તો ઓછામાં ઓછાં ૨૦૦ વિમાનોની ભારતના હવાઈ દળને જરૂર છે.જો ભારત સરકારની માલિકીની હિન્દુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ સંપૂર્ણપણે ઘરેલુ ટેક્નૉલૉજી સાથે વિમાનો બનાવે તો ૨૦૦ વિમાનો બનાવતાં ૫૦ વર્ષ લાગે. આને ધ્યાનમાં રાખીને ૨૦૦૭માં ડૉ. મનમોહન સિંહની સરકારે વિશ્વભરમાંથી ટેન્ડરો મગાવ્યાં હતાં. કુલ ૬ કંપનીઓએ ટેન્ડર ભર્યાં હતાં જેમાંથી ૨૦૧૨માં ભારત સરકારે ડેસૉલ્ટ એવિયેશન નામની ફ્રેન્ચ કંપની સાથે ૧૨૬રાફેલ વિમાનો ખરીદવાનો કરાર કર્યો હતો. કરાર મુજબ ૧૮ વિમાનો આવતાંની સાથે જ ઉપયોગમાં લઈ શકાય (ટેક્નિકલ ભાષામાં ઈન અફલાય અવે કન્ડિશન) એવાં ખરીદવાનાં હતાં અને બાકીનાં ૧૦૮ વિમાનો ભારત સરકારની માલિકીની હિન્દુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ ડેસૉલ્ટ એવિયેશન પાસેથી ટેક્નૉલૉજી મેળવીને બનાવવાની હતી. એ સોદો ૧૦.૨ બિલ્યન ડૉલર્સ ૫૪,૦૦૦ કરોડ રૂપિયાનો હતો.ફ્રેન્ચ કંપની ડેસૉલ્ટ એવિયેશન વિમાનોની ડિલિવરી કરે એ પહેલાં કેન્દ્રમાં સરકાર બદલાઈ હતી અને નરેન્દ્ર મોદીની સરકાર સત્તામાં આવી હતી. ૨૦૧૫ના એપ્રિલમાં ફ્રાન્સની મુલાકાતે ગયા હતા. તેમની સાથે રિલાયન્સ ડિફેન્સ લિમિટેડના અધ્યક્ષ અનિલ અંબાણી પણ ફ્રાન્સ ગયા હતા. વડા પ્રધાને ખાસ રસ લઈને ડેસૉલ્ટ એવિયેશનના સંચાલકો સાથે બેઠક કરી હતી જેમાં પણ અનિલ અંબાણી ઉપસ્થિત હતા. એ બેઠકમાં વડા પ્રધાને ૨૦૧૨ની સાલના સોદાને રદ કરીને આવતાંની સાથે ઉપયોગમાં લઈ શકાય એવાં ૩૬ વિમાનોનો સોદો કર્યો હતો અને હિન્દુસ્તાન ઍરોનૉટિક્સ સાથે મળીને ભારતમાં વિમાન બનાવવાની સમજૂતીને પણ રદ કરી હતી. ભારત સરકાર ૩૬ વિમાનો માટે ૫૮,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવશે.વડા પ્રધાન ફ્રાન્સની મુલાકાતેથી પાછા ફર્યા હતા, પરંતુ અનિલ અંબાણી રોકાઈ ગયા હતા. તેમણે બીજા જ અઠવાડિયે ડેસૉલ્ટ એવિયેશન કંપની સાથે ભારતે ખરીદેલાં ૩૬ વિમાનોના મેઈન્ટેનન્સનો અને ભારતમાં વધુ વિમાનો બનાવવા માટે ટેક્નૉલૉજીનો કરાર કર્યો હતો. આનો અર્થ એ થયો કે અનિલ અંબાણીની કંપનીએ સરકારની માલિકીની હિન્દુસ્તાન ઍરોનૉટિક્સની જગ્યા લઈ લીધી હતી.હિન્દુસ્તાન ઍરોનૉટિક્સ ૧૯૪૦થી અસ્તિત્વમાં છે અને દાયકાઓથી હવાઈ દળ માટે વિમાનો બનાવે છે, જ્યારે રિલાયન્સ ડિફેન્સને વિમાન બનાવવાનો કોઈ અનુભવ નથી અને હજી પ્લાન્ટસ્થાપવાનો પણ બાકી છે. ખબર નહીં, બાકીનાં વિમાનો ભારતને ક્યારે મળશે અને કયા ભાવે મળશે.હવે કહો કે તમને આ સોદો ગળે ઊતરે છે? નરેન્દ્ર મોદી જ્યારે ફ્રાન્સની મુલાકાતે ગયા ત્યારે તેમના કાર્યક્રમમાં ડેસૉલ્ટ એવિયેશનના સંચાલકોને મળવાનું ઠરાવાયું છે એની એ સમયના સંરક્ષણપ્રધાન મનોહર પર્રિકરને કોઈ જાણ નહોતી. તેમને એ વાતની પણ જાણ કરવામાંનહોતી આવી કે સરકાર રાફેલ વિમાનોના સોદા વિશે પુર્નવિચાર કરી રહી છે. તેમને સાથે ફ્રાન્સ તો નહોતા લઈ જવાયા, પરંતુ તેમનો ૨૦૧૨ના ભારત સરકારના રાફેલસોદા વિશે શું કહેવાનું છે એ વિશે અભિપ્રાય પણ માગવામાં નહોતો આવ્યો. તેમને એ વાતની પણ જાણ નહોતી કરવામાં આવી કે વડા પ્રધાન સાથે રિલાયન્સ ડિફેન્સના વડા અનિલ અંબાણી ફ્રાન્સ જવાના છે અને તેમને એ વાતની પણ જાણ નહોતી કે રિલાયન્સ ડિફેન્સ હિન્દુસ્તાન ઍરોનૉટિક્સની જગ્યા લેવાની છે. મનોહર પર્રિકરે ત્યારે બળાપો ઠાલવ્યો હતો અને ૬ મહિનામાં ગોવાના મુખ્ય પ્રધાન બનીને પણજી પાછા જતારહ્યા હતા. દેશના સંરક્ષણપ્રધાન એક ખોબા જેવડા રાજ્યના મુખ્ય પ્રધાન બનવા પાછા જાય એ ગળે ન ઊતરે એવી ઘટના હતી એ બાબતે આ લખનાર સહિત અનેક લોકોએ શંકા વ્યક્ત કરી હતી.બીજું,વિમાન બનાવવાની આવડત અને ક્ષમતા હિન્દુસ્તાન ઍરોનૉટિક્સ વધારે ધરાવે છે કે રિલાયન્સ ડિફેન્સ? સાવ સાદી બુદ્ધિનો સવાલ છે. જાહેર ક્ષેત્રની અનુભવી કંપનીને બાજુએહડસેલીને વિમાન બનાવવામાં સાવ નવશીખિયા ઉદ્યોગપતિને તક આપવામાં આવી એની પાછળ શું લૉજિક છે એ નરેન્દ્ર મોદીએ કે ભારત સરકારે સ્પક્ટ કર્યું નથી. એમાં જો કોઈ પ્રકારનું દેશનું હિત હોય તો સરકારે પ્રજાને જણાવવું જોઈએ. નરેન્દ્ર મોદી તેમની ખાસિયત મુજબ ચૂપ છે.ત્રીજું, ૩૬ વિમાનો તો કદાચ વહેલાંમોડાં આવશે, પરંતુ બાકીનાં વિમાનોનું શું? સંરક્ષણનિષ્ણાતોના મતે ભારતને ઓછામાં ઓછાં ૨૦૦ વિમાનોની જરૂર છે. શું દેશની સુરક્ષા અનિલ અંબાણી પર છોડવામાં આવી છે? આવી રીતે ભારત ચીનનો મુકાબલો કરવાનું છે? વડા પ્રધાન હિતસંબંધ ધરાવનાર ઉદ્યોગપતિને વિદેશપ્રવાસે સાથે લઈ જાય, એટલું જ નહીં, તેમની સાથે અને તેમના હિતમાં ડેસૉલ્ટ એવિયેશનના સંચાલકો સાથેની બેઠકમાં હાજર રહે અને સરકારી માલિકીની કંપનીને બાજુએ હડસેલીને પ્રાઈવેટ કંપની માટે રસ્તો કરી આપે એ શું દેશભક્તિનું અત્યાર સુધી અજાણ્યું કોઈ નવું સ્વરૂપ છે? હોય તો વાંધો નહીં, બસ ખુલાસો કરે. આપણી વડા પ્રધાન પાસેથી આટલી જ અપેક્ષા છે. કોના ફ્રિજમાં બીફ હતું એ જાણવામાં દેશને રસ નથી, આ જાણવામાં છે.

રાહુલ ગાંધીએ મીડિયાને ટોણો મારતાં યોગ્ય જ કહ્યું હતું કે રાફેલ વિશે તેઓ એક સવાલ વડા પ્રધાનને કરે. નેશન વૉન્ટસ ટુ નો, મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર.હવે સમજાઈ ગયું હશે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે શા માટે સંસદના શિયાળુ સત્રને પાછળ ધકેલવામાં આવ્યું છે. બિકાઉ મીડિયા જે સવાલ નથી પૂછતા એ સંસદમાં પુછાવાનો છે અને એનાથી સરકાર ડરે છે.

### આત્મચિંતન

# વિચારોથી દુનિયા બદલાશે

જો નવો યુગ આવશે તો તે વિચારશોધન દ્વારા જ આવશે. ક્રાંતિ થશે તો તે લોખંડ તથા લોહીથી નહિ, પરંતુ વિચારોને વિચારો દ્વારા કાપવાથી જ થશે. સદ્‌વિચારોની સ્થાપના દ્વારા જ સમાજનું નવનિર્માણ થઈ શકાશે. અત્યાર સુધી સમાજમાં જેટલી મહિનતા તથા ગંદકી ફેલાઈ ચૂકી છે તે બુદ્ધિમાન લોકોએ જ આગળ પડતી ભૂમિકા નિભાવી છે. જો તેઓ સન્માર્ગ વળ્યા હોત, તેમના અંતઃકરણ પવિત્ર હોત અને તેમને તપની શક્તિઓનો આધાર મળ્યો હોત તો તેમણે હકારત્મક ચિંતનનો પ્રવાહ વહેવડાવ્યો હોત, સત્સાહિત્ય લખ્યું હોત અને એવાં જ આંદોલનો ચલાવ્યા હોત.

. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટી હોસ્પિટલે શહેરમાં પ્રથમ આઉટરિચ ઓપીડી સુવિધા શરૂ કરી



અમદાવાદ

અમદાવાદની નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટી હોસ્પિટલે શહેરનાં ખોખરા-મણિનગર વિસ્તારમાં તેનું પ્રથમ મલ્ટિ સ્પેશ્યાલ્ટી આઉટરિચ ઓપીડી ખોલ્યું છે. શહેરનાં વિવિધ વિસ્તારોમાં દર્દીઓને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર્સ દ્વારા હાઈ-એન્ડ ક્લિનિકલ નિદાન અને કન્સલ્ટેશન પ્રદાન કરવા અમદાવાદની નારાયણા મલ્ટિસ્પેશ્યાલ્ટી હોસ્પિટલની આ પ્રકારની પ્રથમ પહેલ છે. ટર્શરી કેર હોસ્પિટલ તરીકે મોટા ભાગે આધુનિક સારવાર અને સર્જરી માટે અમને સમગ્ર શહેરમાંથી દર્દીઓ મળે છે. અમે જોયું છે કે જ્યારે મૂળભૂત સ્ક્રીનિંગ તેમનાં વિસ્તારોમાં સ્થાનિક કેન્દ્રોમાં ઉપલબ્ધ છે, ત્યારે સ્પેશ્યાલિસ્ટ મેડિકલ કેરની જરૂરિયાત વધી રહી છે. આ નિદાન અને સારવાર પર અસર કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમે ખોખરામાં દર્દીઓને અમારાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર્સની સેવાઓ પ્રદાન કરવા ઓપીડી શરૂ કરવાનું પગલું લીધું છે.કાર્ડિયોલોજી, પીડિયાટ્રિક્સ, જીઆઈ સર્જરી, ફિઝિશિયન, એન્ડોક્રાઈનોલોજી અને જનરલ પ્રેક્ટિશનર્સનાં ક્ષેત્રોમાં છ ડોક્ટર્સની ટીમ દર અઠવાડિયે દર્દીઓને કન્સલ્ટેશન અને આધુનિક સ્ક્રીનિંગ પ્રદાન કરવા ઓપીડીની મુલાકાત લેશે. દર્દીઓ પૂછપરછ કરવા માટે ૭૪૦૫૬૧૫૨૧૪ પર સંપર્ક કરી શકે છે.

## પૌરુષત્વનો નવો દાખલો: &TV પર મેરી હાનિકારક બીવી



પુરુષ સાથે હંમેશાં મેચો, મસ્ક્યુલર, મજબૂત, ટફ અને શક્તિશાળી જેવા શબ્દો સંકળાયેલા રહ્યા છે. ઉપરાંત ફિલ્મોમાં પણ મર્દ કો દર્દ નહિ હોતા જેવા લોકપ્રિય ડાયલોગથી પુરુષને વધુ પ્રસિદ્ધિ આપી છે. આને કારણે જો પુરુષ કોઈ પણ કમજોરીને સંકેત આપે અથવા નબળો દેખાય તો તેમને શરમજનક સ્થિતિમાં મુકાય છે અને તેમને આસાનીથી સ્વીકારાતા નથી. જૂની ઘરેડની તોડી પાડતાં અને પુરુષ હોવું તે પરિવારમાં વર્ચસ જમાવવા અને પરિવારનો વારસો આગળ ધપાવવાથી પણ વધુ કઈ રીતે છે તે આલેખિત કરવા માટે &TVહળવોફૂલ ફિકશન શો મેરી હાનિકારક બીવી લાવી રહી છે. આ શો વારસો પેદા કરવો અને ગર્ભનિરોધક પદ્ધતિ નસબંધીને આધીન જતા પુરુષ પર તેની અસરો સાથે સંકળાયેલા ઘણા બધા સામાજિક દબાણોમાં ડોકિયું કરે છે. આમિર અને સોનાલી જાફરના ફુલ હાઉસ મિડિયા દ્વારા નિર્મિતી વારતા સીધાસાદા અખિલેશ અને સુંદર તથા બોલ્ડ ડો. ઈરા ફરતે વીંટલાયેલી છે. તેઓ વારાણસીમાં અચાનક ભટકાય છે, જે અખિલેશ માટે હાનિકારક નીવડે છે અને સ્થિતિજન્ય ભૂલો અને ગેરસમજણો મુંબઈ સુધી તેમનો પીછો કરે છે. જોકે ડો. ઈરા અખિલેશ પર સારપ માટે તેના પૌરુષત્વનો નવો દાખલો પાડવા માટે નસબંધીની સર્જરી કરે છે ત્યારે કોફિન પર આખરી ખીલો ઠોકાય છે. અહીંથી અખિલેશ માટે જીવન સરળ નથી, પરંતુ તે પોતાની પત્ની તરીકે ડો. ઈરા સાથે પ્રવાસ શરૂ કરે છે. શું ડો. ઈરા સાથે લગ્નગ્રંથિથી બંધાવા પર સમાજમાં અસલી સક્ષમ પુરુષ તરીકે તેને સ્થાન મળશે? અખિલેશ હાનિકારક બીવી સાથે કઈ રીતે પનારો પાડશે?અખિલેશ શરમાળ, સીધોસીદો, સહજ અને ઈમાનદાર છોકરો છે. તે વારાણસીનો છે, જે વાલીઓ પ્રત્યે સમર્પિત છે. જોકે તેના વાલીઓ તેની પાસેથી વારસ ચાહે છે તે ઈચ્છા પૂરી કરી શકતો નથી તે તેને માટે ચિંતાનો વિષય છે. મને આશા છે કે દર્શકોને અંતર્ગત સંદેશ ગમશે અને ભારતીય દર્શકોની વિચારધારામાં આમૂલ પરિવર્તન આવીને રહેશે. કરણ સૂચક અને જિયા શંકર સાથે મેરી હાનિકારક બીવીમાં નાસીર ખાન બ્રિજેશ પાંડે, સુચિતા ખન્ના પુષ્પા પાંડે તરીકે, અંજલી મુખી દેવિના પાંડે તરીકે જોવા મળશે. જોતા રહો મેરી હાનિકારક બીવી, અખિલેશ અને ડો. ઈરાની વારતા સર્વ જૂની ઘરેડને તોડી નાખશે, ૪ ડિસેમ્બરથી શુભારંભ, દર સોમવારથી શુક્રવાર, રાત્રે ૧૦, ફક્ત &TVપર!

## એન્ડપિક્ચર્સ ઉપર પહેલી ડિસેમ્બરના રોજ લીજેન્ડસ ઓફ ધ નાગા પર્લસ



અમદાવાદ

જ્યારે દુષ્ટની મહત્વાકાંક્ષાઓ શાંતિ ભંગ કરે છે, ત્યારે એખલાસ પ્રવર્તે તે માટે જૂથબંધીઓએ હાથ મિલાવવાની ફરજ પડે છે. ૨૦૧૭ ની ફેન્ટસી એડવેન્ચર ફિલ્મ, લીજેન્ડસ ઓફ ધ નાગા પર્લસ દુષ્ટ અને શાંતિ વચ્ચે સદૈવ વધતી જતી લડાઈ પર પ્રકાશ પાડે છે. યુવાન તાઈવાનીઝ એકટર ડેરન વાન્ગને ચમકાવતી લીજેન્ડસ ઓફ ધ નાગા પર્લસ નોવોલેનડના ફિકશનલ જગતમાં ગોઠવવામાં આવેલ છે. ઝાન્ગ તિઆનાઈ, શેન્ગ નગસેન, સિમોન યામ, વાન્ગ ઝુન અને ઝાઓ જિઆનની મેળ ખાતી કાસ્ટ ગૂંથણી સાથે લીજેન્ડસ ઓફ ધ નાગા પર્લસ પોતાની પ્રોડકશન ફિઝાઈન અને અપવાદરૂપ ગ્રાફિકસના કારણે ખૂબ જ વખાણ મેળવેલ છે. આ જોવા જેવું નજરાણું નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, એન્ડપીકચર્સ પર પહેલી ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ રાત્રે આઠ કલાકે આવવા સુસજ્જ છે.

લીજેન્ડસ ઓફ ધ નાગા પર્લસ યુરાનપોલિસમાં રહેતી ટ્રાઈબની કહાણી છે જે ઉડવાની મહારત ધરાવે છે. પણ માનવ જાતિ સામેનું યુદ્ધ તેઓને માત્ર પોતાનું ગૌરવ ગુમાવવાનું જ નહી, પણ તેઓની ઉડવાની ક્ષમતાને પણ ગુમાવવાનું ચૂકવવું પડે છે. વિન્ગેડ ટ્રાઈબના એક રાજષી વારસદાર, કઝુલ સિમોન યામ) પોતાના લોકોને વેઠવા પડતા અત્યાચારોનો બદલો લેવા નાગા પર્લસની ખોજમાં નીકળે છે.

પણ જ્યારે પર્લસ અકસ્માતની કોન્ગકોન્ગ (ડેરેન વાન્ગ) - એક ચોર, ગાલી (શેન ગુનસેન) - માનવ રાજકુમાર, અને હેઈ યુ (ઝાન્ગ તિઆનાઈ) - એક કોન્સ્ટેબલના હાથમાં જઈ પડે છે. તો તેમની દુનિયામાં ઉથલપાથલ મચી જાય છે. કેમ કે હુલઈ તેઓને પછાડ આપે છે. જ્યારે કઝુ લ નાગા પર્લસ પર અંકુશ મેળવવામાં સફળ થાય છે. તેના દુષ્ટ ઈરાદા સામે આવી જાય છે, ત્રણે જણા ત્રિપુટી બનાવી લે છે અને યુરેનોપોલિસ એ દિવસના બચાવ માટે પાછા ફરે છે.

## ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ)નો પશ્ચિમી પ્રદેશનો પદવીદાન સમારોહ અમદાવાદમાં યોજાશે

ફોટો : શાંતી શાહ



ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ) દ્વારા નવા પાત્ર સીએસ સભ્યોને એસોસિયેટ મેમ્બરશિપ ઓફ ધ ઈન્સ્ટિટ્યૂટના પુરસ્કાર વિધિસર કરવા માટે આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ મેમોરિયલ ખાતે પશ્ચિમી પ્રદેશનો પદવીદાન સમારોહ ૨૦૧૭નું આયોજન કર્યું હતું. આશરે ૪૦૦ નવા પાત્ર સભ્યો મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગોવા, ગુજરાત અને છત્તીસગઢથી પદવીદાન સમારોહમાં આવ્યા હતા અને તેમને સર્ટિફિકેટ ઓફ એસોસિયેટ મેમ્બર એનાયત કરાયાં હતાં. પરીક્ષામાં ઉત્તમ કામગીરી કરનારા વિદ્યાર્થીઓનું સમયે સન્માન પણ કરાયું હતું. આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં ઉદ્યોગના દિગ્ગજોએ ચેરિટી ગવર્નન્સ, કોર્પોરેટ એન્ટી-બ્રાઈબરી કોડ, પંચાયત સ્તરે ગવર્નન્સ અને જીએસટી તથા જીએસટી આસિસ્ટન્ટ્સ સંબંધી મુદ્દાઓ પર ભાર આપ્યો હતો. આપણે વધુ ને વધુ પુરસ્કૃત વ્યક્તિગત આકાંક્ષાઓ અને મહેનતની દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છીએ અને તેમાં કોણ યોગદાન આપે છે અને કોણ આપતું નથી તેનું અચૂક માપન થઈ શકે છે. તેમણે સલાહ આપી હતી કે દરેક વિદ્યાર્થીએ પોતાની અંદર રોકાણ કરવાનો વિચાર કરવો જોઈએ, જેથી દરેકમાં ઘડાઈ શકે તે પરિવર્તન જોવા મળી શકે. સફળતાનો પંથ સખત મહેનત અને ધીરજથી આવે અને સંપત્તિ સંચયથી નહીં. તેમણે એવી પણ નોંધ કરી કે રાતોરાત સફળ થવાના અનેક દાખલો છે, જે વ્યક્તિઓ સંપત્તિની પાછળ પડી જાય છે અને અસલી સફળતાનો માર્ગ ચૂકી જાય છે. ખરા અર્થમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે તમારા વ્યાવસાયિક અને અંગત લક્ષ્યોનો પીછો કરવો જોઈએ અને પરિણામોને તેના ભરોસે છોડી દેવાં જોઈએ, જે સિદ્ધિની પ્રક્રિયા ઉત્કૃષ્ટ બને છે અને પરિણામ સુસંગત બને છે. તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે કામગીરીની પ્રક્રિયામાં અનુકૂળતા લાવવી જોઈએ અને તમારી કામગીરીમાં અવરોધને લીધે પરિણામોના દબાણને વશ નહીં થવું જોઈએ.

## મેજિકબ્રિક્સે રી-પોજૈસ્ડ સંપત્તિઓની ઈ-નીલામી માટે પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સાથે ભાગીદારી કરી

ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ મેજિકબ્રિક્સે રી-પોજૈસ્ડ સંપત્તિઓની ઈ-નીલામી માટે દેશની અગ્રણી ફાઈનાન્સ સંસ્થા પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સાથે સામરિક ભાગીદારીનું એલાન કર્યું. આ ભાગીદારી હેઠળ ૪૫ સંપત્તિઓની પહેલી ઈ-નીલામી ૨૭ નવેમ્બર ૨૦૧૭એ થશે.

૭ ઓક્ટોબરે એમની તરફથી પહેલી ઓનલાઈન પ્રોપર્ટી નીલામી અભિયાન ’માય બિડ, માય હોમને મળેલી જોરદાર પ્રતિક્રિયા પછી મેજિકબ્રિક્સ હવે પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની રી-પોજૈસ્ડ સંપત્તિઓને આકર્ષક ઉપરાંત કિફાયતી દરો પર ઉપલબ્ધ કરાવશે. ઉપભોક્તાઓ માટે સંપત્તિઓ તુરંત પોજૈશન હેતુ ઉપલબ્ધ થશે.

## વાઘબકરી ટી ગ્રુપને, ભારતના સૌથી પ્રતિષ્ઠિત પેકેજીંગ પુરસ્કાર, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭ નું સન્માન



ફોટો : શાંતી શાહ

અમદાવાદ

શનિવાર, ૨૮ ઑક્ટોબર ૨૦૧૭ ના રોજ, નવી દિલ્હીમાં સ્થિત હોટલ ઈરોસ ખાતે યોજાયેલ એક સમારોહમાં વાઘબકરી ટી ગ્રુપને પેકેજીંગ માટે ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭ રાષ્ટ્રીય પુરસ્કારનું સન્માન પ્રાપ્ત થયું. આ પુરસ્કાર ભારતની પ્રમુખ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ પેકેજીંગ (ભારત સરકારનું સાહસ) દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌથી વધુ રચનાત્મક પેકેજીંગને એનાયત કરવામાં આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ પેકેજીંગ દ્વારા ૧૯૭૨ માં શરૂ કરવામાં આવેલ. દર બે વર્ષે આયોજીત, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭ નો હેતુ શ્રેષ્ઠ પેકેજીંગ ડિઝાઈન, તેની રચનાત્મકતા અને ઉચ્ચ ગુણવત્તાને પ્રોત્સાહન આપવાનો છે.

વાઘબકરી ૧૦૦ % સર્ટીફાઈડ ઑર્ગેનિક ટી, વાઘબકરી કોનોઝીયર ક્લેક્શ અને સેન્ડવીચીઝ માટેના વાઘબકરી ટેકઅવેના રચનાત્મક પેકેજીંગના કારણે વાઘબકરી ટી ગ્રુને આ સન્માન મળેલ છે.

# પોલીસને ગુંચવાડો કેમ થાય છે ?

દિલ્હી નજીકની એક શાળામાં વિદ્યાર્થીનો ટોઈલેટમાં મળેલ મૃતદેહને લઈને જનતામાં વિરોધ વંટોળ જાગ્યો છે. કારણ કે પોલીસ શાળાની બસના કંડક્ટર અશોકકુમારની આરોપી તરીકે ધડપકડ કરી, તેને પત્રકાર પરિષદ સમક્ષ રજૂ કરી, અશોકકુમારનું ગુનાની કબૂલાત નિવેદન પણ પત્રકાર પરિષદ સમક્ષ રજૂ કરાયું હતું. ૭ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ બનેલ આ બનાવમાં પોલીસ પાગલાથી લોકોને સંતોષ થયો ન હતો અને ઉહાપોહ ચાલુ રહતો હતો. ઝૈૅ ને તપાસ સોપવામાં આવતાં, અશોક-કુમારને નિર્દોષ જાહેર કરાયો અને આરોપી તરીકે શાળાના જ એક વિદ્યાર્થીની ધરપકડ થઈ. તેણે પણ ગુનાની કબૂલાત કરી. હવે આ વિદ્યાર્થીએ પણ ફેરવી તોળ્યાનું અખબારી અહેવાલો સૂચવે છે.આ કેસમાં બબ્બે એજન્સીઓની સામેલગીરી હોવા છતાં, ગુંચવાડો કેમ વધતો જાય છે. અને ખરો આરોપી કોણ છે તેની કેમ પણ જાણ થતી નથી તે પ્રશ્ન મુખ્ય છે.

આવો જ બનાવ હિમાચલ પ્રદેશ રાજ્યમાં સીમલાથી ૮૦ કિ.મી. દૂર એક ગામમાં તા.૬ જુલાઈ ૨૦૧૭ ના રોજ બન્યો હતો. ૧૬ વર્ષની એક કિશોરીના મૃતદેહ જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. બાળાત્કાર સહિત હત્યાનો આ કેસ હતો. તરત જ રાજ્યના તત્કાલીન પોલીસ વડાની અધ્યક્ષતા હેઠળ જીૅ ની રચના એ ૬ આરોપીઓની ધરપકડ કરી કેસ ઉકેલી નાખ્યાનો દાવો કર્યો. જનતાનો ઉહાપોહ શમવાનું નામ ન લેતો હતો તેનાથી કેસ ઝૈૅ ને સોંપાયો. તપાસ ચાલુ હોવા દરમ્યાન એક આરોપીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. ઝૈૅ એ જીૅ અને રાજ્ય પોલીસ વડા સહીત એક અન્ય સીનીઅર પોલીસ અધિકારીની આરોપી તરીકે ધરપકડ કરી. ઉપર્યુક્ત બંને બનાવોમાં પોલીસની ભૂમિકા શંકાસ્પદ જણાય છે. પ્રશ્ન એ થાય કે પોલીસ આખરે કોની સેવા માટે છે ? પોલીસ કેમ આમ ગુંચવાડા સર્જે છે અને આવા મહત્ત્વના કેસોમાં ખોટી વ્યક્તિઓને કેમ સંડોવવામાં આવતી હશે તે આમ આદમીને સમજાતું નથી.

આરૂષી હત્યા કેસમાં તેણીના માતા-પિતા ૧૧ વર્ષ બાદ હમણાં જ નિર્દોષ છુટેલ હોવાના સમાચાર વાંચકોનાં મનમાં તાજા જ હશે. આ કેસ હજુ પણ રહસ્યમય જ રહ્યો છે. ૧૬ વર્ષની કીશોરી અને ઘર નોકર હેમરાજની હત્યા કોણે કરી હશે તે હજુ સુધી જાહેર થયું નથી.આ કેસમાં પણ પોલીસે કાચું કાપ્યું હોવાનું કહેવાય છે. અક્ષરધામ કેસમાં પણ આવું જ બન્યું છે. ગુજરાત હાઈકોર્ટે ફાંસીની સજા ફરમાવેલ ૬ આરોપીઓને નિર્દોષ ઠરાવ્યા અને પોતાના ચુકાદામાં પોલીસે ખોટી વાર્તા ઉભી કરેલ હોવાની ટીકા કરી છે. તેમાંના એક આરોપીએ ગ્યારાહ સાલ સલાખો કે પીછે પુસ્તક લખી તેમાં નામ જોગ પોલીસ અધિકારીઓએ અત્યાચાર કરેલ હોવાના આરોપ કરેલ છે.જો કે તેની નામ જોગ પોલીસ અધિકારીએ બદનક્ષીનો કેસ કરેલ હોવાથી હાલે તે ન્યાયિક વિચારણા હેઠળ કહેવાય અને તેના વિશે કોઈ કહેવાથી અદાલત તિસ્કારનો કેસ બની શકે.

આઝાદીને ૭૦ વર્ષના વહાણા વીતી ગયા પૂર્વે રાજ્યની ફરજ વિશેની એક પાકી સમજણ એવી છે કે રાજ્યની સૌથી અગત્યની અને પ્રથમ તેમ જ પ્રાથમિક ફરજ તેના પ્રજાજનનું રક્ષણ કરવાની છે. રાજાઓ પોતાનું પોલીસ દળ અને લશ્કર નિભાવતા. જૂનાં ધ્રાંગધ્રા રાજ્યમાં પોલીસની છાપ એટલી કડક હતી કે જો કોઈનું પાકીટ રસ્તામાં ખોવાયું હોય, તો કાં તો તે ત્યાંથી જ મળી આવે અથવા તે પોલીસ સ્ટેશનમાં જમા હોય આપણે પોલીસ અત્યાચારોથી પોલીસ કસ્ટડીમાં જ મોતને શરણ થતા આરોપીઓની વાત અહીં કરતા નથી. આપણે દેખાવો કરતા નિર્દોષ નાગરિકો પર લાઠીચાર્જ કે ગોળીબાર કરનાર પોલીસ વિશે પણ વાત કરવી નથી.આપણે ખ્યાતનામ કેસોમાં પોલીસની ભૂમિકા વિશે માત્ર પ્રશ્નાર્થ કરી રહ્યા છીએ.

એ ખરૂ છે કે પોલીસમાં સ્ટાફની તંગી, તાલીમનો અભાવ,રાજકીય દાખલગીરી અદ્યતન ટેકનોલોજી કે સાધનો વિશે અપૂરંતી માહિતી વગેરે અનેક પ્રશ્નો હોઈ શકે છે. પરંતુ પોલીસ અન્વેષણ આપણી ફોજદારી ન્યાય પ્રક્રિયાનો એક ભાગ છે. અને આપણી ફજદારી ન્યાય પ્રકિયાનું સૂત્ર જાણીતું છે કે“નવાણું ગુનેગારો ભલે છુટી જાય, પરંતુ એક નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં.” પોલીસ વરદી કાયદાને વફાદાર રહેવા બંધાયેલ છે. પોલીસ ફરજ જેટલી મરનાર કે તેના કુટુંબીજનોને ન્યાય આપવવા માટે તેટલી જ આરોપી કે કેદી તરફથી પણ છે. ઉપયુક્ત બનાવોમાં, અનુમાન એવું થઈ રહ્યું છે કે લોક આક્રોશ શમાવવા પોલીસે ખોટી વ્યક્તિઓને આરોપી તરીકે રજૂ કરી દીધા હતા. સાચું ખોટું જે હોય તે, પરંતુ સર્વોચ્ચ અદાલતે એક કેસના ચુકાદામાં કહ્યું છે કે કોઈ વ્યક્તિની ખોટી ધરપકડ પોલીસે કરવાથી બંધારણ અનુરછેદ ૨૧ હેઠળ ગૌરવપૂર્વક જીવન જીવવાના તેના અધિકારનો ભંગ થાય છે. દિલ્હીમાં ગત વર્ષે જ એક આવો કેસ બન્યો છે. એક વ્યક્તિની બળાત્કાર કેસમાં ધરપકડ થઈ ૧૪ વર્ષે અદાલતે તેને નિર્દોષ છોડી મૂક્યો તેણે સરકાર સામે બદનક્ષી બદલ ૧ કરોડ રૂા. વળતરનો દાવો કર્યો છે.આટલા વર્ષો અને ગુમાવેલ આબરૂનું શું ?

રાજ્યની ઉત્પતિ સાથે-જ પોલીસ સંસ્થાનો જન્મ થયો છે. તેની ભૂમિકા નિષ્પક્ષા હોવી જોઈએ. પોલીસ સુધારણા બાબતે ૭ પંચો અત્યાર સુધીમાં સરકારે નીમેલ છે. તે તમામની ભલામણો પર ધૂળના થર જામી ગયા છે.સર્વોચ્ચ અદાલતો ૧૧ વર્ષ પૂર્વે ભલામણોના અમલ માટે સરકારને હુકમ કર્યો છે. પથ્થર પર પાણી. અંગ્રેજીમાં કહેવત છે Withoot kavour or keare દરેક સરકારી વિભાગ અન પોલીસે પણ કામ કરવું જોઈએ. **પ્રો.અશ્વિનકુમાર ન. કારીઆ મુ.પાલનપુર**

## વોડાફોન સુપરનેટ્M 4Gએ હવે ઉત્તર ગુજરાતમાં ૧૦૦થી વધારે નગરોને આવરી લીધા

મહેસાણા

વોડાફોન ઈન્ડિયાએ ગુજરાતમાં તેનાં ૨ કરોડથી વધારે સબસ્ક્રાઈબર્સને શ્રેષ્ઠ ડેટાનો અનુભવ પ્રદાન કરવા તેનાં નેટવર્કનું વિસ્તરણ ઝડપથી કરવા માટે રોકાણ કરવાનું જાળવી રાખ્યું છે. ૫૦૦૦થી વધારે નવી સાઈટ શરૂ થવાની સાથે વોડાફોન સર્વિસીસ અત્યારે ગુજરાતમાં ૯૫૦થી વધારે શહેરો-નગરોમાં ઉપલબ્ધ છે. ગુજરાતમાં ભૌગોલિક રીતે અતિ પડકારજનક ગણાતાં વિસ્તારોમાંનાં એક ઉત્તર ગુજરાતનાં રહેવાસીઓને વિશ્વસનિય કનેક્ટિવિટી પ્રદાન કરવા વોડાફોને વોડાફોન સુપરનેટ્M 4G નેટવર્કની અંદર ઉત્તર ગુજરાતમાં ૧૦૦થી વધારે શહેરોમાં ૨૮૦થી વધારે નવી સાઈટ ઉમેરી છે. આ પ્રયાસથી ગુજરાતમાં વોડાફોનનું નેટવર્ક વધારે મજબૂત થશે, જે ડેટા સેવ્વી ગ્રાહકોને સાતત્યપૂર્ણ જોડાણ પ્રદાન કરશે. વોડાફોને વર્ષ ૨૦૧૬ની મધ્યમાં ગુજરાતમાં વિશ્વની સૌથી મોટી સુપરનેટ્સ ૪૨ સર્વિસ શરૂ કરી હતી, જેનો આશય તેનાં સબસ્ક્રાઈબર્સને ડેટાનો શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાનો હતો. ત્યારથી અત્યાર સુધી વોડાફોન સુપરનેટ્સ ૪૨ સર્વિસનું વિસ્તરણ ઉત્તર ગુજરાતનાં મોઢેરા, ખેરવા, તાલોદ, વડગામ, વાવ, ભાભર, સામળપતિ, ઈયોલ, મેઘરજ, માલપુર, ગાબત, સાઠમ્બા, દભાડ, લાલવાડ, પંથવાડ, ઈન્દ્રાડ, દાલપુર, લાખાણી, ગોલા, કુંડળ, કોટડા દિયોદર, ધનસુરા, ખેરાલુ, તોરડા (જેતપુર), ચાણસ્મા, સંખલપુર, થરા, રાજપુર, કાનોદર, અણિયોર, ચડોતર, ભાભર, દાલપુર, રોઝાડ, ગામ્ભોઈ, વાંસોલ, દીયોદર, કુકરવાડા, થરાદ, અખોલ મોટ, જગાણા, દેમાઈ, શિનોલ, દભોડા, પુન્સરી, સુરજ, સરડોઈ, જીગોલ વગેરે જેવા વિસ્તારોમાં થયું છે. અતિ ટેકનોલોજી સેવ્વી ગ્રાહક આધાર સાથે ગુજરાત વોડાફોન માટે વૃદ્ધિનાં માર્ગે અગ્રેસર બજાર છે. સ્માર્ટફોન સ્વીકાર્યતા અને મોબાઈલ ડેટાનાં વપરાશનો દર ઊંચો છે અને અમારાં ગ્રાહકોને સતત સુપરફાસ્ટ ડેટા સ્પીડની જરૂર છે. છેલ્લાં વર્ષમાં વોડાફોને નેટવર્ક વધારવા રૂ. ૫૫૦ કરોડથી વધારેનું રોકાણ કર્યું છે, ૯૫૦થી વધારે નગરોમાં ૫૦૦૦થી વધારે સાઈટ ઊભી કરી છે અને તમામ ૩૨ સાઈટનું ૪૨ ટેકનોલોજીમાં અપગ્રેડેશન સુનિશ્ચિત કર્યું છે. વોડાફોને ઉત્તર ગુજરાતમાં પણ કનેક્ટિવિટીમાં મહત્ત્વપૂર્ણ વધારો કર્યો છે, જેથી આ વિસ્તારમાં ૪૦ શહેરોમાં વોડાફોન સુપરનેટTM 4G સુનિશ્ચિત થઈ છે.

# ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## સિંધુ હોંગકોંગ ઓપન બેડમિન્ટનની સેમિ ફાઈનલમાં, જાપાનની ખેલાડીને હરાવી



(જી.એન.એસ) હોંગકોંગ

ભારતીય શટલર સ્ટાર પીવી સિંધુએ હોંગકોંગ ઓપન બેડમિન્ટનની સેમિ ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. પીવી સિંધુએ જાપાનની અકાને યામાગુચીને હરાવી હતી.પીવી સિંધુ હોંગકોંગ ઓપન બેડમિન્ટનનું ટાઈટલ જીતવાથી બે કદમ દૂર છે. સિંધુએ જાપાનની અકાને યામાગુચીને ૨૧-૧૨, ૨૧-૧૯થી હરાવી હતી. ૨૨ વર્ષની વર્લ્ડ નંબર-૩ સિંધુ અને યામાગુચી વચ્ચે આ છઠ્ઠી વખત ટક્કર થઈ હતી. જેમાં સિંધુ ૪ વખત યામાગુચી પર ભારે પડી છે. જ્યારે યામાગુચીએ બે વખત સિંધુને હરાવી છે.હવે શનિવારે સેમિ ફાઈનલમાં સિંધુનો મુકાબલો થાઈલેન્ડની રત્યાનોક ઈંતાનોન સામે થશે.



## મુરલી વિજયે આઠ મહીના બાદ ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરી સદી ફટકારી

ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર બેટસમેન મુરલી વિજયનું બેટ શ્રીલંકાની વિરૂધ્ધ બીજી ટેસ્ટ મેચની પહેલી ઈનિંગ્સમાં જોરબાદ ચાલ્યુ છે. મુરવી વિજયની ટેસ્ટ ક્રિકેટમાં લગભગ આઠ મહીના બાદ વાપસી થઈ છે અને મેદાન પર ઉતરતા જ તેણે સદી ફટકારી છે. મુરલીને પહેલી ટેસ્ટમાં રમવાની તક મળી ન હતી પરંતુ ખાનગી કારણોથી શિખર ધવન બીજી ટેસ્ટ મેચમાં રની રહ્યો છે નથી અને તેની ગેરહાજરીમાં મુરલી વિજયને તક મળી અને તેણે એકવાર ફરી ખુદને સાબિત કરી દીધો છે.

વિજયે શ્રીલંકાની વિરૂધ્ધ ટેસ્ટ મેચમાં ૧૮૭ બોલ પર સદી લગાવી પોતાની ઈનિંગ્સમાં મુરલીએ ૯ ચોક્કા અને એક સિકસર લગાવી વિજયે ભારત માટે પોતાની અંતિમ ટેસ્ટ મેચ ૧૬ માર્ચ ૨૦૧૭ના રોજ રાંચીમાં ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ રમી હતી. આ મેચમાં તેને ઈજા થઈ હતી અને ત્યારથી તે દરેક રીતની ક્રિકેટખી દુર રહ્યો તે આઈપીએલમાં પણ રમી શકયો ન હતો.

શ્રીલંકાની વિરૂધ્ધ ટેસ્ટ મેચની પહેલી ઈનિંગ્સમાં મુરલીએ પોતાના ટેસ્ટ કેરિયરની ૧૦મી સદી પુરી કરી આ પહેલા તેણે આ વર્ષ ૯ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ હૈદરાબાદમાં બાંગ્લાદ દેશની વિરૂધ્ધ પોતાની આખરી ટેસ્ટ સદી લગાવી હતી આ મેચની પહેલી ઈનિંગ્સમાં તેણે ૧૦૮ રન કર્યા હતાં જયારે બીજી ઈનિંગ્સમાં આઠ રન કર્યા હતાં.

મુરલી વિજયે અત્યાર સુધી પોતાની ટેસ્ટ કેરિયરમાં કુલ હાલની ટેસ્ટ મેચ છોડી ૫૧ ટેસ્ટ મેચોમાં ૩૪૦૮ રન કર્યા છે. જેમાં કુલ નવ સદી અને ૧૫ અડધી સદી છે ૧૬૭ તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર છે. ટેસ્ટ ક્રિકેટમાં ઓપનર તરીકે મુરલી વિજય સદી કરવાના મામલામાં ત્રીજો ભારતીય બેટસમેન બની ગયો છે. ઓપનર બેટસમેન તરીકે ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી સૌથી વધુ સદી કરવાના મામલામાં નંબર એક પર સુનીલ ગાવસ્કર છે તેના નામે ૩૩ સદી છે જયારે બીજી નંબર પર વીરેન્દ્ર સહેવાગ છે તેના નામે ૨૨ સદી નોંધાયેલી છે ત્યારબાદ મુરલી વિજયનું નામ આવી ગયું છે તેણે પોતાની ૪૦મી ટેસ્ટ સદી લગાવી છે.

## ક્રિકેટર યુવરાજસિંહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લે તેવી શકયતા

**ટીમ સ્પીરીટ**

૩૮ વર્ષના આશીષ નહેરા બાદ બીસીસીઆઈ તાકિદે જ ૩૬ વર્ષના થનાર ડૈશિંગ ક્રિકેટર યુવરાજસિંહને પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય આપવા ઈચ્છે છે. જો કે યુવરાજસિંહ હજુ તેના માટે પુરી રીતે તૈયાર નથી. યુવરાજ હાલના સમયે બેંગ્લોરમાં રાષ્ટ્રીય ક્રિકેટ અકાદમી (એનસીએ)માં અભ્યાસ કરી રહ્યો છે

સુત્રોના જણાવ્યા અનુસાર બીસીસીઆઈ તરફથી યુવી સુધી સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો કે શ્રીલંકાની વિરૂધ્ધ યોજાનાર વનડે સીરીજમાં તે પોતાની વિદાય મેચ રમી શકે છે કારણ કે તેની બીજી મેચ તેના ઘરેલુ મેદાન મોહાલીમાં થનાર છે જો કે ક્રિકેટરના નજીકના સુત્રે કહ્યું હતું કે યુવરાજે આ બાબતનો ઈન્કાર કરી દીધો અને એમ જણાવી દીધુ હતું કે તે ખુદ નક્કી કરશે કે તે કયારે સંન્યાસ લેશે. બીસીસીઆઈ આ કેવી રીતે નક્કી કરી શકે છે. હવે યુવીનાા ભવિષ્યને લઈ બીસીસીઆઈ અને આ ક્રિકેટ વચ્ચે તનાવ ચાલી રહ્યો છે. ટીમ ઈન્ડિયા હાલમા શ્રીલંકાની વિરૂધ્ધ સીરીજ રમી રહી છે.ત્યારબાદ વનડે સીરીજ થનાર છે. પ્રથમ વનડે ૧૦ ડિસેમ્બરે ધર્મશાળામાં અને ૧૩મીએ મોહાલીમાં બીજી વનડે મેચ રમાનાર છે. મોહાલીનું આઈએસ બિંદ્રા સ્ટેડિયમ યુવરાજનું ઘરેલુ મેદાન છે. મેચના એક દિવસ પહેલા જ યુવીનો જન્મ દિવસ છે અને આ દિવસે તે ૩૬ વર્ષનો થઈ જશે. ભારતીય ટીમ પ્રબંધનને લાગે છે કે યુવી હવે ભવિષ્યની ટીમ ઈન્ડિયાની યોજનાનો હિસ્સો નથી તેનું ૨૦૧૯માં ઈગ્લેન્ડમાં યોજાનાર વિશ્વકપ સુધી ટીમનો હિસ્સો બની રહેવું ખુબ મુશ્કેલ છે



૪૦ ટેસ્ટ ૩૦૪ વનડે અને ૫૮ ટી ૨૦ રમનાર યુવીએ પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ આ વર્ષ ૩૦ જુને નોર્થ સાઉડમાં વેસ્ટ ઈન્ડિઝની વિરૂધ્ધ રમી હતી ત્યારબાદ તેને ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. તેની આ વર્ષ જાન્યુરીમાં ચાર વર્ષ બાદ વન ડે ટીમમાં ઈગ્લેન્ડની વિરૂધ્ધ વાપસી થઈ હતી. વેસ્ટ ઈન્ડિઝની વિરૂધ્ધ અંતિમ વનડે સીરીજની ત્રણ મેચોમાં તેણે ૪,૧૪, અને ૩૯ રનનો સ્કોર કર્યો હતો.એ યાદ રહે કે ૧૦૪ ટેસ્ટ અને ૨૫૧ વનડે રમનાર વીરેન્દ્ર સહેવાગ સહિત અનેક મોટા ક્રિકેટરોને વિદાય મેચ રમવાની તક મળી નથી નહેરા અને યુવરાજના વિરાટ સાથે સારા સંબંધ છે. આ કારણ ચે કે નહેરાને પોતાના ઘરેલુ મેદાનમાં વિદાય મેચ રમવાની તક મળી હતી. યુવી અને કોહલીની વચ્ચે દોસ્તી હોવાથી સુકાની પોતાના બીજા મિત્રને પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સારી રીતે વિદાય આપવા માંગે છે.

## ક્રિકેટરની સફળતામાં એન્જીનીયરીંગનું યોગદાન

**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા



ભારતીય ટીમનાા આધારભુતા સ્પિનર આર. અશ્વિનાની સફળતાા આશ્ચર્યજનક તો છે પરંતુ એમના માટે એ નવી નથી. જે દિવસથી અશ્વિને ભારત તરફથી ટેસ્ટક્રીકેટ રમવાનું શરૂ કર્યું ત્યારથી એમને ભારતમાં સારી એવી સફળતા મળી છે.સોથી ઝડપી ૧૫૦ વિકેટો ૨૦૦ વિકેટો મેળવવાનો રેકોર્ડ અશ્વિનના નામે છે.જ્યારે પણ સ્પીનરોની ચર્ચા થાય ત્યારે એક અલગ મુદા પર ધ્યાન આપવું જરૂરી છે. અશ્વિન વાસ્તવમાં એક એન્જીનીયર છે, એમણે એસ.એસ.એન. કોલેજ ઓફ એન્જીનીયરીંગમાંથી ઈન્સ્ટ્રુમેંટલ એન્જીનીયરીંગનો ડીગ્રી કોર્ષ પ્રાપ્ત કર્યો છે. શું એન્જીનીયરીંગની ડીગ્રીનો સ્પીન સાથે કોઈ સંબંધ છે ? તમને જાણીને આશ્ચર્ય થશે કે સફળતા મેળવનાર અશ્વિન ભારતનો પ્રથમ એન્જીનીયર નથી.. આ પહેલાં અનિલ કુંબલે, ઈ.એસ.પ્રસન્ના અને એસ.વેંકટરાઘવન પણ એન્જીનીયરના સ્નાતક વિદ્યાર્થીઓ હતા.

એક બીજા સંયોગની વાત એ છે કે આ ચારેય જણા દક્ષિણ ભારતમાંથી આવનારા ક્રિકેટરો છે. થોડા વરસો પહેલાં ભારતમાં એક રેકોર્ડ હતો કે વધુ પડતી એન્જીનીયરીંગની કોલેજો માત્ર દક્ષિણ ભારતમાં હતી ત્યાં ટેકનીકલ શિક્ષા પર વધુ ભાર આપવામાં આવે છે. એમાંય એન્જીનીયરીંગ શિક્ષણને વધુ મહત્વ આપવામાં આવે છે. ભારતના ભૂતપૂર્વ ઝડપી બોલર જે.શ્રીનાથ અને ઓપનીંગ બેટસમેન કે.શ્રીકાંત પણ એન્જીનીયર હતા.

ક્રીકેટના આધુનિક યુગમાં સારૂં ભણનાર ક્રીકેટરોની ગણના ઘણી જ ઓછી છે. નાની ઉંમરે ક્રિકેટના મેદાનમાં રમવાની શરૂઆત થતાં જ ભણતર પાછળ વિશેષ ધ્યાન હોતું નથી.ખેલાડી ભણતર કરતાં ક્રિકેટની પાછળ વધુ સમય આપે છે. જેના કારણે ભણતરમાં તે પાછળ પડી જાય છે. ક્રિકેટના વ્યસ્ત કાર્યક્રમના કારણે ભણતરનો સમય મળતો નથી. મહેન્દ્રસિંહ ધોની અને સચીન તેંડુલકરનું ઉદાહરણ આપણી સક્ષમ જ છે. ધોની તો આંતરરાષ્ટ્રીય ક્રીકેટમાં આવ્યા પછી પણ વધુ ભણવા માટે પ્રયત્નો કર્યા હતા પરંતુ પરીક્ષા આપવા માટે કોઈ જ ફુરસત મળી નહોતી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦૦ થી વધુ વિકેટો મેળવનાર અનીલ કુંબલેએ હંમેશા ક્રિકેટ રમતા રમતા પણ અભ્યાસ છોડયો નહોતો. તેઓ હંમેશા કહેતા કે ભણતર સારૂં હશે તો સારા અને ખરાબ દિવસો વચ્ચેનો ફરક અનુભવાશે. જ્યારે ક્રિકેટમાં નિષ્ફળતા મળે છે ત્યારે ભણતર જીવનમાં આગળ જવાનો માર્ગ દર્શાવે છે. અનિલ કુંબલેએ મિકેનીકલ એન્જીનીયરીંગની પરીક્ષા ઉત્તિર્ણ કરી છે. તેઓએ આ ડીગ્રી કર્ણાટકની મશહુર એન્જીનીયરીંગ કોલેજમાંથી એક કોલેજ આર. બી.કોલેજમાંથી પ્રાપ્ત કરી હતી. જ્યારે સ્પીન બોલીંગની સફળતા સાથે એન્જીનીયરનો શો સંબંધ છે તેના વિશે પુછતા કુંબલેએ જવાબ આપ્યો કે એન્જીનીયરમાં એ યોગ્યતા હોય છે કે તે દરેક ચીજને અલગ અલગ દ્રષ્ટીકોણ સાથે તથા અલગઅલગ વિશ્લેષણથી જુએ છે. એટલે સ્પીન બોલ ફેંકતી વખતે બોલર બોલની લાઈન અને ગતિ પર ધ્યાન આપે છે. દરેક પ્રકારના તથ્યને જાણ્યા બાદ જ તે દડો ફેંકે છે.

મૈસુરના નેશનલ ઈન્સ્ટીસ્યુટ ઓફ એન્જીનીયરીંગમાંથી ગ્રેજયુએટ થયેલા ભારતની સ્પીન ચોકડીના એક સ્પીનર એરા પલ્લી પ્રસન્નાનું કહેવું છે કે, હું એ સમયમાંથી આવું છું જ્યારે ડીગ્રી મેળવવી ઘણી જરૂરી હતી. મારી ડીગ્રીએ મને બાયોમેકેનિક અને એરોડાયનોમિકસને સમજવામાં ઘણી જ આસાન કરી હતી. મારા ભણતરના જ્ઞાનથી મેં સારી અને ઉત્તમ બોલીંગના નમુના રજુ કર્યા હતા.

શ્રીનાથે મૈસુરની એસ.જે.સી.ઈ.કોલેજ ઓફ એન્જીનીયરીંગમાંથી ઈસ્ટુયુમેંટલ ટેકનોલોજીમાંથી ડીગ્રી મેળવી હતી.આ ઉપરાંત ભારતના ભૂતપુર્વ બેટસમેન સુજીત સોમસુંદર જેઓ આજે કોચ બન્યા છે તેઓ પણ એન્જીનીયરના સ્નાતક છે. અને છેલ્લે આર. અશ્વિન પણ એન્જીનીયરના વિદ્યાર્થી છે અને તેઓ એક સારા સ્પીનર પણ છે. જેઓ ગેંદબાજીની સાથે એવી ટેકનીક સાથે રમી રહ્યા છે જેમાં એન્જીનીયરીંગનું ભણતર પણ સામેલ છે.

ક્રીકેટમાં એન્જીનીયરીંગની ડીગ્રીથી ખેલાડીઓને એક નવો આત્મવિશ્વાસ આપે છે અને ગભરાયા વગર ક્રિકેટ રમી શકે છે. એમના મનમાં એક વિશ્વાસ જાગે છે કે જો તે ક્રિકેટમાં સફળ નહીં થાય તો તે બેરોજગાર નહીં રહે. એન્જીનીયર હોવાના કારણે તેઓને કાર્ય મળી રહે છે આજ આત્મવિશ્વાસ એમને ક્રિકેટમાં સફળતા અપાવે છે. એન્જીનીયરીંગનો અભ્યાસ ખેલાડીઓને દરેક પરીસ્થિતિમાં સંતુલન શીખવાડે છે. આ જ ગુણ ક્રિકેટમાં

## કેપ્ટન સ્ટીવ સ્મીથે સચિન તેન્ડુલકરનો રેકોર્ડ તોડ્યો

**ટર્નીંગ પોઈન્ટ**

ટેસ્ટના ઈતિહાસમાં સૌથી ઝડપી ૨૧ સદી ફટકારનારા ખેલાડીની યાદીમાં સ્મિથ ત્રીજા તેમજ સચિન ચોથા ક્રમે

બ્રિસ્બેનના ગાબા મેદાન ખાતે રમાઈ રહેલી એસીઝ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના આજે બીજા દિવસે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટીવ સ્મીથે તેની યશકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી લીધુ હતુ. તે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી ૨૧ સદી ફટકાર ખેલાડીઓની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો હતો. સ્ટીવ સ્મીથે ૧૦૫મી ટેસ્ટ ઈનિંગ્સમાં આ સિદ્ધી હાંસલ કરી હતી. ઈંગ્લેન્ડની ટીમ તેના પ્રથમ દાવમાં ૩૦૨ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી શરૂઆત સારી રહી ન હતી. શરૂઆતમાં ઝડપથી વિકેટો ગુમાવી હતી. જો કે ત્યારબાદ કેપ્ટન સ્ટીવ સ્મિથે બાજી સંભાળી લીધી હતી. સ્મિથે શાનદાર સદી કરી હતી. સ્ટીવ સ્મિથે સચિનનો રેકોર્ડ તોડી દીધો હતો. સ્મિથ હવે સૌથી ઝડપી ૨૧ સદી કરનાર ખેલાડીઓની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિને ૧૧૦ ઈનિંગ્સમાં ૨૧ સદી પુરી કરી હતી. સચિન હવે ચોથા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના મહાન ખેલાડી સર ડોન બ્રેડમેન પ્રથમ સ્થાને છે. બ્રેડમેને માત્ર ૫૬ બોલમાં ૨૧ સદી ફટકારી હતી. યાદીમાં બીજા સ્થાને પૂર્વ ભારતીય કેપ્ટન સુનિલ ગાવસ્કર છે. ગાવસ્કરે ૯૮ ટેસ્ટ ઈનિંગ્સમાં આ ૨૧ સદી પૂર્ણ કરી હતી. યાદીમાં પાકિસ્તાની સ્ટાર મોહમ્મદ યુસુફ પાંચમા સ્થાને છે. યુસુફે ૧૨૦ ઈનિંગ્સમાં ૨૧ સદી ફટકારી હતી. બ્રિસ્બેન ખાતે રમાઈ રહેલી ટેસ્ટ મેચ નિરશ દકાઈ રહી છે. પ્રથમ દિવસે ઈંગ્લેન્ડે કંગાળ બેટિંગ કરી હતી. તેના બેટ્સમેનોની ધીમી બેટિંગના કારણે ચાહકો નિરાશ થયા હતા. જો કે આજે સ્ટીવ સ્મિથે બાજી રાખી હતી. ટેસ્ટ ક્રિકેટમાં હાલમાં જે ખેલાડી રમી રહ્યા છે. તેમાં સ્ટીવ સ્મીથ સૌથી સારા બેટ્સમેનો પૈકી એક તરીકે છે. તેની સીધી સ્પર્ધા ભારતના વિરાટ કોહલીની સાથે છે. વિરાટ કોહલી પણ ઝડપથી આગળ વધી રહ્યો છે. તે હાલમાં ૫૦ આંતરરાષ્ટ્રીય સદી


અનુસંધાન પાન નં.૬ ઉપર


## ચેમ્પિયન્સ લીગ : રોનાલ્ડોનો રેકોર્ડ, ટોપ-૧૬માં રિયલ મેડ્રિડનો પ્રવેશ



ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના બે ગોલની મદદથી રિયલ મેડ્રિડે ચેમ્પિયન્સ લીગના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો. રિયલના એપોએલને ૬-૦થી હરાવી. જ્યારે એક અન્ય મેચમાં લીવરપૂલે ત્રણ ગોલની મદદથી મેચને ડ્રો કરાવામાં સફળ રહી હતી.

૩૨ વર્ષના રોનાલ્ડોએ મેચમાં ૪૯ અને ૫૪મી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. આ વર્ષે ચેમ્પિયન્સ લીગમાં રોનાલ્ડોના ગોલની સંખ્યા ૧૮ થઈ ગઈ છે. રોનાલ્ડોએ આ સાથે કોઈ સિઝનમાં સર્વાધિક ગોલ નોંધાવવાના પોતાના જૂના રેકોર્ડ (૧૭ ગોલ) ને પાછળ છોડી દીધો. આ લીગમાં રોનાલ્ડોએ કુલ ૧૧૩ ગોલ નોંધાવ્યા. જે એક રેકોર્ડ છે.

મહત્વપૂર્ણ છે કે જિનેદીન જિદાનની ટીમે ગત મેચમાં ટાટેનહમ હોટ્સપરથી હારીને વાપસી કરતા સાઈપ્રસમા એપોએલને હરાવી.

જ્યારે પાંચ વારની ચેમ્પિયન લીવરપૂલે ત્રણ ગોલતી બઢત મેળવીને સેવિલા સાથેની મેચને ૩-૩થી ડ્રો કરાવી. ગ્રુપ-ઈ માં રશિયાની ચેમ્પિયન સ્પાર્તક માસ્કોને મારિબોરથી ૧-૧થી મેચને ડ્રો કરાવી.

યુઈએફએ ચેમ્પિયન્સ લીગમાં સર્વાધિક ગોલ :

૧ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો – ૧૧૩ ગોલ (મેનચેસ્ટર યૂનાઈટેડ, રિયલ મેડ્રિડ)

૨ લિયોનલ મેસ્સી – ૯૭ (બાર્સિલોના)

૩ રાઉલ ગોંજાલેજ – ૭૧ (રિયલ મેડ્રિડ, શાલ્કે)

## સ્પોર્ટસ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. હાલમાં જ ભારતે કેટલા વર્ષ પછી એશિયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટ જીતી હતી ?

૨. હાલમાં જ કયા ખેલાડીએ આઈબીએસએફ વર્લ્ડ બીલીયર્ડઝ ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૩. હાલમાં જ અમેરીકાની મહીલા ટેનીસ ખેલાડીઓએ કેટલા વર્ષ પછી ફેડકપ જીત્યો હતો ? કયા દેશને હરાવીને ?

૪. હાલમાં જ એટીપી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટ કયાં રમાઈ હતી ?

૫. 'ધોનીએ ટી-૨૦ માં તેની બેટીંગની શૈલી બદલવાની જરૂર છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૬.હાલમાં જ કઈ જોડીએ નોકસવીલે ચેલેન્જરે ટેનિસ ટ્રોફી જીતી હતી ?

૭. વન-ડે માં બે બેવડી સદી ફટકારનારો વિશ્વનો સૌ પ્રથમ ખેલાડી કોણ હતો ?

૮. કેટલા વર્ષ પછી ઈટાલીની ટીમ ફીફા ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૮ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી ?

૯. કેટલા વર્ષ પછી અમેરીકાની ટીમ ફીફા ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૮ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી ?

૧૦.'ધોની અંગે કોમેન્ટ કરતાં પહેલાં તમારી કારકીર્દી પર નજર નાખો' હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૧૧.હાલમાં જ દોહા મુકામે આયોજીત વર્લ્ડ બિલીયર્ડઝ લોંગ અવફોર્મેટમાં કયા ભારતીય ખેલાડીએ બ્રોન્ઝમેડલ જીત્યો હતો ?

૧૨. 'પ્રેક્ષકોના હાથમાં જ ક્રીકેટનું ભાવિ છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૧૩. હાલમાં જ કોલકત્તા મુકામે સ્વ.જગમોહન દાલમિયાની યાદમાં આયોજીત દાલમીયા મેમોરીયલ વ્યાખ્યાનમાળા અંતર્ગત કયા ખેલાડીએ ક્રીકેટરો અને ચાહકોને સંબોધીત કર્યા હતા ?

**જવાબ :**

૧. હાલમાં જ ભારતે ૧૩ વર્ષ પછી એશિયાકપ મહિલા હોકી ટુર્નામેન્ટ જીતી હતી.

૨. હાલમાં જ ભારતના પંકજ અડવાણીએ ઈંગ્લેન્ડના માઈક રસેલ નામના ખેલાડીને હરાવીને આઈબીએસએફ વર્લ્ડ બીલીયર્ડઝ ચેમ્પિયનશીપ જીતી હતી.

૩. હાલમાં જ અમેરીકાની મહીલા ટેનીસ ખેલાડીઓએ ૧૭ વર્ષ પછી ફેડકપ જીત્યો હતો.

૪. હાલમાં જ એટીપી ટુરની સીઝનની આખરી ટુર્નામેન્ટ ઈંગ્લેન્ડમાં લંડન મુકામે રમાઈ હતી.

૫. 'ધોનીએ ટી-૨૦ માં તેની બેટીંગની શૈલી બદલવાની જરૂર છે' હાલમાં જ આ વિધાન ભારતના ભૂતપુર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ કર્યું હતું.

૬.હાલમાં જ ભારતના લીએન્ડર પેસ અને પુરવ રાજાની જોડીએ નોકસવીલે ચેલેન્જરે ટેનિસ ટ્રોફી જીતી હતી.

૭. વન-ડે માં બે બેવડી સદી ફટકારનારો વિશ્વનો સૌ પ્રથમ ખેલાડી રોહીત શર્મા હતો.

૮. ૧૯૫૮ વર્ષ પછી પહેલી વખત ઈટાલીની ટીમ ફીફા ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૮ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી.

૯.૧૯૯૦ ના વર્ષ પછી પહેલી વખત અમેરીકાની ટીમ ફીફા ફુટબોલ વર્લ્ડકપ ૨૦૧૮ માટે કવોલીફાય થવામાં નિષ્ફળ રહી હતી.

૧૦.'ધોની અંગે કોમેન્ટ કરતાં પહેલાં તમારી કારકીર્દી પર નજર નાખો' હાલમાં જ આ વિધાન ભારતીય ક્રિકેટ ટીમના કોચ રવિ શાસ્ત્રીએ કર્યું હતું.

૧૧.હાલમાં જ દોહા મુકામે આયોજીત વર્લ્ડ બિલીયર્ડઝ લોંગ અવફોર્મેટમાં પંકજ અડવાણી નામના ભારતીય ખેલાડીએ બ્રોન્ઝમેડલ જીત્યો હતો.

૧૨. 'પ્રેક્ષકોના હાથમાં જ ક્રીકેટનું ભાવિ છે' હાલમાં જ આ વિધાન ભારતીય ક્રીકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ કર્યું હતું.

૧૩. હાલમાં જ કોલકત્તા મુકામે સ્વ.જગમોહન દાલમિયાની યાદમાં આયોજીત દાલમીયા મેમોરીયલ વ્યાખ્યાનમાળા અંતર્ગત કપિલ દેવ નામના ખેલાડીએ ક્રીકેટરો અને ચાહકોને સંબોધીત કર્યા હતા.

-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)

## ઓસ્ટ્રલીયાની મહિલા ક્રિકેટર બેથ મુનીએ બનાવ્યો સૌથી વધુ ચોગ્ગાનો વર્લ્ડ રેકોડ

ઓસ્ટ્રેલીયાની મહિલા ક્રિકેટર બેથ મુનીએ એક વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટી-૨૦ મેચમાં તેણે નોટઆઉટ ૧૧૭ રન ફટકાર્યા હતા, જેમાં તેણે ૭૦ બોલમાં ૧૯ ચોગ્ગા અને એક સિકસર ફટકાર્યા હતાં. જે એક આંતર રાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ ચોગ્ગા ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ બની ગયો છે. જો કે તેની આ શાનદાર ઈનિંગ્સ છતાં ઓસ્ટ્રેલીયાને આ મેચમાં ચાર વિકેટથી હરાવ્યું હતું.

ઓસ્ટ્રેલીયાએ પહેલા બેટીંગ કરતાં ૨૦ ઓવરમાં બે વિકેટે ૧૭૮ રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડે ૧૯ ઓવરમાં છ વિકેટ ૧૮૧ રન બનાવીને મેચ જીતી લીધી હતી. મહિલાઓની આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ ચોગ્ગા ફટકારવાનો રેકોર્ડ મેગ લેનિંગના નામ પર હતો તેણે ૨૦૧૪માં બાંગ્લાદેશ સામે ૧૨૬ રનની ઈનિંગ્સ દરમ્યાન ૧૮ ચોગ્ગા અને ૪ સિકસર ફટકાર્યા હતા. અત્યાર સુધી કોઈ પણ પુરૂષ ક્રિકેટરે પણ ૧૯ ચોગ્ગા ફટકાર્યા નથી. પુરૂષોની ટી-૨૦ મેચમાં સૌથી વધુ ૧૪ ચોગ્ગા ફટકારવાનો રેકોર્ડ સંયુકત રૂપથી ગ્લેન મેકલવેલ, એરોન ફિન્ચ અને હર્શેલ ગિબ્સના નામે છે.

# બહુચરાજી નજીક લગ્નમાં આવેલા બે યુવાનો પર જીવલેણ હુમલો

મહેસાણા

બહુચરાજીના સામાવાડા ગામે લગ્ન પ્રસંગમાં આવવાના મુદ્દે યુવાન પર હથિયારોથી જીવલેણ હુમલો કરનારા ૭ વ્યક્તિઓ વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો. આ હુમલામાં દરમિયાનગીરી કરનારને પણ મારવામાં આવેલ. જાણવા મુજબ બહુચરાજીના સામાવાડાના જગદીશજી દશરથજી ઠાકોર અને તેનો મિત્ર અરજણજી ગત રવિવારે બપોરે ૧૨ વાગે ગામના ધનજીભાઈ કાન્તીલાલને ત્યાં લગ્નપ્રસંગે હાજરી આપી રામદેવપીરના મંદિર પાસે પહોંચ્યા હતા. ત્યાં શેખોપીરદાન ગઢવીએ અટકાવ્યા હતા અને અરજણજીને ડિસમીસ મારી હુમલો કર્યો હતો. બાદમાં જગદીશજીએ અન્ય ત્રણ મિત્રોને આ ઘટનાની જાણ કરી રૂપેણ નદીના પુલ પર ઉભો હતો. તે સમયે અહીં બાળકો લઈને કેટલાક શખ્સોએ તલવાર, લાકડી, ધોકા વડે હુમલો કર્યો હતો. જગદીશજીને ગંભીર ઈજા થતાં સારવાર માટે લઈ જવાયો હતો. આ હુમલા બાબતે વિજયદાન ભોજુદાન ગઢવી, તખતદાન ગઢવી, નરહરિદાન કેશુદાન ગઢવી, જીતુ કેશરદાન ગઢવી, કેશુદાન ખોડદાન ગઢવી તથા હેમુદાન ગઢવી વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો.

# શ્રી મોતીલાલ મનસુખલાલ ઝોટા પ્રાથમિક શાળા, રાધનપુરમાં મત જાગૃતિ ઉજવાઈ

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ.એમ. ઝોટા પ્રા. શાળામાં આચાર્યા રેખાબેન ઠક્કર તથા મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ મતજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંકલ્પ પત્રોનું વિતરણ, માનવ સાંકળ, રેલી, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, સહી ઝુંબેશ, દૂધ મંડળીની મુલાકાત, શપથવિધિ, ક્વીઝ સ્પર્ધા જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા. આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ લોકોમાં મતદાનનું મહત્વ સમજાવવાનો હતો. નોડલ ઓફિસર નયનાબેન ઠક્કર એ આ કાર્યક્રમ કામગીરી સંભાળી હતી. તથા સુપરવાઈઝર શ્રીમતી દિપાબેન ઠક્કરે તથા સ્ટાફે પુરતો સાથ સહકાર આપ્યો. આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણી, ઓનેરરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર તેમજ કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા)એ શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાધનપુરમાં મતદાન જાગૃતિ અંતર્ગત ચિત્ર પ્રદર્શન યોજાયું




રાધનપુર

રાધનપુરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત રાધનપુર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનું ચિત્ર પ્રદર્શન મામલતદાર કચેરી ખાતે યોજવામાં આવ્યું હતું,જેમાં મતદારોને જાગૃત કરવા માટે વિવિધ ચિત્રો બનાવવામાં આવ્યા હતા,જેને નિહાળવા અસંખ્ય મતદારોએ મુલાકાત પણ લીધી હતી,મામલતદાર બી.એમ.પટેલ,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ઈ.આઈ.દિનેશભાઈ પ્રજાપતિ,વિરમભાઈ ચૌધરી,પ્રભાતસિંહ જાડેજા,નોડલ અધિકારીઓ તેમજ શાળાઓના આચાર્યો ચિત્રો સાથે હાજર રહ્યા હતા.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ડીસા** | | રાયડો | ૬૮૦-૭૧૧ |
| એરંડા | ૮૭૨-૮૭૫ | જીરૂ | ૩૧૦૦-૩૯૦૧ |
| રાયડો | ૬૮૫-૭૦૦ | વરી. | ૮૫૦-૧૩૭૦ |
| મગફળી | ૭૦૦-૮૩૦ | તલ | ૧૪૦૦-૧૮૮૦ |
| ઘઉં | ૩૫૭-૩૭૭ | ઘઉં | ૩૧૦-૩૫૮ |
| બાજરી | ૨૪૫-૨૯૨ | બાજરી | ૨૩૦-૩૦૪ |
| અડદ | ૬૮૦-૮૭૧ | બંટી | ૩૧૧-૩૩૯ |
| ગવાર | ૭૦૦-૭૩૮ | કપાસ | ૮૯૧-૯૪૦ |
| રાજગરો | ૭૬૫-૭૮૫ | મગ | ૭૩૦-૭૪૦ |
| કપાસ | ૯૦૦-૯૦૧ | અડદ | ૭૨૫-૯૦૦ |
| **પાલનપુર** | | ગવાર | ૫૪૨-૭૩૦ |
| એરંડા | ૮૬૫-૮૯૭ | કપાસ | ૯૦૭-૯૩૮ |
| રાયડો | ૬૯૭-૭૦૬ | મગફળી | ૬૨૦-૭૭૩ |
| જુવાર | ૫૬૫-૬૦૦ | અજમો | ૬૫૦-૮૦૦ |
| મગફળી | ૭૦૦-૮૪૨ | **સિદ્ધપુર** | |
| બાજરી | ૨૧૦-૨૭૬ | રાયડો | ૬૯૧-૭૧૩ |
| મકાઈ | ૨૭૦-૭૫ | એરંડા | ૮૩૫-૮૭૮ |
| અડદ | ૬૯૦-૭૫૭ | અડદ | ૬૮૦-૮૭૦ |
| ઘઉં | ૩૨૩-૩૭૦ | ગવાર | ૬૭૦-૭૫૩ |
| રાજગરો | ૭૩૧-૮૩૧ | ઘઉં | ૩૨૯-૩૪૩ |
| **લાખણી** | | બાજરી | ૨૨૫-૨૯૫ |
| એરંડા | ૮૭૨-૮૭૩ | જુવાર | ૪૪૮-૬૦૩ |
| રાયડો | ૬૭૦-૬૯૦ | કપાસ | ૮૭૦-૯૪૮ |
| ગવાર | ૬૯૬-૭૨૦ | **ધાનેરા** | |
| તલ | ૧૭૦૨-૧૭૬૦ | જીરૂ | ૩૨૮૦-૧૯૩૯ |
| બાજરી | ૨૭૨ | વરી. | ૧૦૬૫ |
| ર.બાજરી | ૩૩૧-૩૯૧ | ઈસ. | ૧૮૬૮-૧૯૩૪ |
| કપાસ | ૮૯૪-૯૦૦ | એરંડા | ૮૨૧-૮૭૩ |
| અડદ | ૭૦૩-૭૩૦ | મેથી | ૫૨૦-૫૫૨ |
| **થરાદ** | | સુવા | ૯૩૪-૯૫૦ |
| રાયડો | ૭૧૦-૭૨૬ | રાયડો | ૬૬૦-૭૦૩ |
| એરંડા | ૮૬૨-૮૭૭ | ગવાર | ૬૬૧-૭૨૬ |
| મગફળી | ૬૫૦-૮૧૦ | બીજડા | ૧૦૫૦-૧૪૫૦ |
| મગ | ૭૮૦-૯૨૦ | ઘઉં | ૩૧૦-૩૫૮ |
| ગવાર | ૭૦૦-૭૩૬ | બાજરી | ૨૩૭-૨૯૦ |
| તલ | ૧૪૪૫-૧૮૦૬ | મઠ | ૬૪૫ |
| જીરુ | ૩૦૦૦-૪૦૮૦ | ચોળા | ૬૪૩-૮૧૯ |
| મઠ | ૫૮૦-૬૨૨ | રાજગરો | ૭૭૩ |
| મેથી | ૫૮૦-૬૦૦ | રજકો | ૧૬૦૧ |
| ચિકુડી | ૮૫૦-૧૦૫૦ | તલ | ૧૩૩૧-૧૬૯૦ |
| ઈસબગુલ | ૧૯૦૦-૨૦૩૦ | અડદ | ૬૫૦-૮૮૪ |
| બીજડા | ૧૦૫૦-૧૦૯૨ | મગફળી | ૫૮૦-૮૪૫ |
| **રાહ** | | **થરા** | |
| રાયડો | ૬૬૦-૮૭૦ | જીરૂ | ૩૨૦૦-૩૮૮૦ |
| એરંડા | ૮૬૦-૮૭૦ | એરંડા | ૮૭૦-૮૮૦ |
| રજકાબાજરી | ૩૫૦-૩૯૦ | રાયડો | ૬૯૫-૭૧૫ |
| ચીકુડી | ૮૮૦-૯૩૦ | ગવાર | ૬૭૦-૭૩૫ |
| **પાટણ** | | ઘઉં | ૩૨૦-૩૪૨ |
| એરંડા | ૮૫૬-૮૮૪ | બાજરી | ૨૧૫-૨૬૫ |
| મેથી | ૫૨૦-૫૫૨ | અડદ | ૭૮૦-૮૨૫ |
| સુવા | ૮૯૦-૧૦૪૨ | મગફળી | ૯૦૦ |

# પાટણના કે.ડી.પોટેકનીક કોલેજના મતગણતરી કેન્દ્રની તૈયારીઓની સમીક્ષા કરતા કેન્દ્રીય ઓબ્ઝર્વરશ્રીઓ



પાટણ

પાટણ જિલ્લામાં તારીખ ૧૪ડિસેમ્બરે ચાર વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણી માટેનું મતદાન થનાર છે ત્યારે તા. ૧૮ ડીસેમ્બરે પાટણની કે.ડી. પોલીટેકનીક ખાતે સવારે આઠ કલાકથી મતગણતરી હાથ ધરાશે. મતગણતરી કેન્દ્ર ખાતે મતગણતરી પ્રક્રિયા સુચારુ રીતે સંપન્ન થઈ શકે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. મતગણતરી કેન્દ્ર ખાતે હાથ ધરાયેલી તૈયારીના આકલન માટે કેન્દ્રીય ચૂંટણીપંચના ઓબ્ઝર્વર સર્વજીતસિંહ, ડૉ. પ્રીતમ બી.યશવંત અને પોલીસ ઓબ્ઝર્વરશ્રી ડી.સી.સાગરે મુલાકાત લીધી હતી.

ઓબ્ઝર્વરો મતગણતરી માટેના ચાર હોલ, મીડિયા સેન્ટર, ટ્રાફિક નિયમન, પાર્કિંગ, સ્ટ્રોંગરૂમની સલામતી, સીસીટીવી કેમેરા સહિત મતગણતરી હોલથી ગણતરી વ્યવસ્થા, ગણતરી સ્ટાફ સહિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની વ્યવસ્થા વગેરે બાબતોની ઝીણવટપૂર્વક ચકાસણી કરી આવશ્યક સુઝાવો આપ્યા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલે જણાવ્યું હતું કે, મતગણતરી કેન્દ્ર માટેની તમામ તૈયારીઓ મોડામાં મોડા તારીખ ૧૨ડિસેમ્બર સુધી પૂર્ણ કરવામાં આવશે.

જિલ્લા પોલીસ વડાશ્રી અશ્વિન ચૌહાણે ટ્રાફિક નિયમન સહિત સુરક્ષા સલામતીના ઉપાયો, પાક'ગ, ફોર્સનું ડિપ્લોયમેન્ટ વગેરે બાબતોથી ઓબ્ઝર્વરશ્રીઓને અવગત કર્યા હતા.

# હિમ્મતનગર તા. પંચાયત જશે કોંગ્રેસના હાથમાંથી ! ૨૨ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત કરી

હિંમતનગર

સાબરકાંઠા હિમતનગર તાલુકા પંચાયતમાં ૨૨ સભ્યોની અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઇ છે. TDO સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત થઇ છે. હિમતનગર તાલુકા પંચાયત કોંગ્રેસ હસ્તગત છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે હિમ્મતનગરમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગે તેવા એંધાણ સર્જાયા છે. સાબરકાંઠામાં હિમ્મતનગર તાલુકા પંચાયત ના ૨૨ સભ્યોએ નારાજગી દર્શાવી છે. આ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મુકતા કોંગ્રેસની સત્તા જોખમમાં મુકાઈ ગઈ છે. ચૂંટણીની તારીખો નજીક હોવાના સમયે હિમ્મતનગર તાલુકા પંચાયતના સભ્યોની નારાજગી કોંગ્રેસને વિધાન સભા ચૂંટણીમાં નુકશાન પહોંચાડી શકે છે.

હવે જોવાનું રહેશે કે કેવી રીતે કોંગ્રેસ નારાજ સભ્યોને મનાવે છે, જો સભ્યોને વિશ્વાસમાં નહી લઈ શકે તો હિમ્મતનગર તાલુકા પંચાયત ની સત્ત ગુમામવાનો વારો આવી શકે તેમ છે.

# ચકાસણીમાં સાબરકાંઠામાં ૨૬ ફોર્મ રદ ૪૯ માન્ય

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા બેઠક ઉપર ૯૫ ફોર્મ ભરાયા બાદ મંગળવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાતા ૨૬ ફોર્મ રદ થયા હતા અને ૪ બેઠકો પર હવે ૪૯ ઉમેદવારો મેદાનમાં છે. અન્ય પક્ષો સહિત અપક્ષ ઉમેદવારોની સંખ્યા વધુ હોઈ રીસામણા મનામણા બાદ ગુરૂવારે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. હિંમતનગર બેઠક પર સૌથી વધુ ૧૮, ખેડબ્રહ્મા બેઠક પર સોથી ઓછા સાત ફોર્મ માન્ય રહ્યા છે.

વિધાનસભા ચૂંટણી અંતર્ગત ભાજપ કોંગ્રેસ સહિતના પક્ષોના ઉમેદવાર જાહેર થઇ ગયા બાદ બીજા તબક્કાની ચૂંટણી માટે ફોર્મ ભરવાનો સોમવારે છેલ્લો દિવસ હતો. સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ ચાર વિધાનસભા બેઠક પર કુલ ૬૯ ઉમેદવારોએ ૯૫ ફોર્મ ભર્યા હતા. મંગળવારે ઉમેદવારી પત્રની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૪૯ ઉમેદવારોના ૭૯ ફોર્મ માન્ય રહ્યા હતા જ્યારે ૨૬ ફોર્મ રદ થયા હોવાનુ નાયબ ચૂંટણી અધિકારી મુકેશ પરમારે જણાવ્યું હતું. ૩૦ નવેમ્બર સુધી ઉમેદવારી પત્ર પાછુ ખેંચી શકાશે. ગુરૂવારે સાંજે કઇ બેઠક પર કેટલા ઉમેદવાર છે તેનુ ચિત્ર સ્પષ્ટ થશે.

મંગળવારથી બે દિવસ દરમિયાન અપક્ષ ઉમેદવારોને મનાવવાનુ અને મેનેજ કરવાનુ ચરમ સિમાએ પહોંચશે. સાબરકાંઠા જિલ્લાની હિંમત નગર બેઠક પર સૌથી વધુ ૧૮ ઉમેદવાર છે. જ્યારે ખેડબ્રહ્મા બેઠક પર સૌથી ઓછો સાત ઉમેદવાર છે. ૩૦ મી તારીખે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઇ ગયા બાદ પ્રચાર કાર્ય ચરમે પહોંચશે અને ચૂંટણીનો માહોલ જામવા માંડશે.

**જિલ્લામાં ૨૧ અપક્ષ અને ૧૦ રાજકીય પક્ષો**

જિલ્લાની ચાર બેઠક પર કુલ ૨૧ અપક્ષ અને ૧૦ રાજકીય પક્ષોએ ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે. શંકરસિંહ વાઘેલાની પાર્ટી અને બસપાએ ચારેય બેઠક પર ઉમેદવાર ઉતાર્યા છે. હિંમતનગર બેઠક પર ભાજપ કોંગ્રેસ સિવાય ૮ રાજકીય પક્ષો અને ૮ અપક્ષ ઉમેદવારો ગમે તેનો ખેલ બગાડવા સક્ષમ છે. જોકે, ગુરૂવારે સાંજે જ ચિત્ર સ્પષ્ટ થશે.

**હિંમતનગર બેઠક માટે નવા બેલેટ લાવવાની નોબત**

ફોર્મ ચકાસણીને અંતે ૧૮ ઉમેદવાર વધ્યા છે. દરેક બેલેટ યુનીટની કેપીસીટી ૧૫ ઉમેદવારીની છે. ગુરૂવારે જો ત્રણ કે તેથી વધુ ઉમેદવારો ફોર્મ પરત નહી ખેંચે તો મતદાન મથક દીઠ વધારાનુ બેલેટ યુનીટ મુકવુ પડશે.

# દહેજથી ઘોઘા રો- રો ફેરી સર્વિસને વ્યાપક પ્રતિસાદ



અંકલેશ્વર

દહેજ ખાતે ચાલુ થયેલી દહેજ- ઘોઘા વચ્ચેની રો- રો ફેરી સર્વિસને ૫૫ ટકા જેટલી સરેરાશની સાથે મુસાફરો પાસેથી સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. જેથી તે સ્થાયી તબક્કામાં પ્રવેશી ચુકી છે. ત્યારે હવે વાહનોની હેરફેરના તબક્કામાં પણ ટૂંક સમયમાં પ્રવેશ મેળવવા માટે જીએમબી તથા કોન્ટ્રાક્ટર સંસ્થા સજ્જ છે. રો- રો ફેરી સર્વિસ ચલાવતી ઈન્ડિગો કંપનીના માલિક ચેતનભાઈ કોન્ટ્રાક્ટરે કહ્યું હતું કે મુસાફરોને દહેજ સુધી જવામાં કોઈ અગવડ ન ભોગવવી પડે એ માટે સુરતથી દહેજ સુધી પિક અપ પોઈન્ટ આપવામાં આવ્યા છે. એ જ રીતે ઘોઘાથી ભાવનગર, રાજુલા સુધી પણ મુસાફરોને જવું હોય તો આ સેવા ચાલુ છે. ઘોઘા ખાતે ટેકસી સેવા પણ શરૂ થઈ ગઈ છે. વાહનોની હેરફેરની સર્વિસ ચાલુ કરવા માટે જળમાર્ગને ડ્રેજીંગ કરવાનો તબક્કો આવ્યો છે. જેનો કોન્ટ્રાક્ટ ગુજરાતના અદાણી ગ્રુપને મળ્યો છે. બે વર્ષનો કોન્ટ્રાક્ટ ૪૮ કરોડ રૂપિયામાં અપાયો છે. પ્રારંભિક તબક્કે ૬ મીટરનો ડ્રાફ્ટ ફેરીને મળે એટલું ડ્રેજીંગ કરાશે અને ત્યારબાદ મેન્ટનન્સની જવાબદારી પણ અદાણી ગ્રુપ જ સંભાળશે. જાન્યુઆરી અંત કે ફેબ્રુઆરી શરૂઆતમાં વાહનોની હેરફેર લગભગ શરૂ થઈ જાય એ નક્કી છે. વાહનો માટેનું શિપ તારીખ ૨૫ મી જાન્યુઆરી સુધીમાં આવી જાય એવી શક્યતા છે. ત્યારે મુસાફરી થોડી વધારે આસાન બનશે અને હાલની રો-રો ફેરીમાં રવિવારે વધારે લોકોનો ઘસારો રહે છે.

# પાટણ બેઠક પર ભાજપના રણછોડ દેસાઈના ૩ ફોર્મ રદ : એક માન્ય રહેતા ઉમેદવારી ટકી

**બહુજન સમાજ પાર્ટીના બે ઉમેદવારે મેન્ડેટ રજુ કરતા એકનું ફોર્મ રદ થયું : ત્રણ ફોર્મમાં સોંગદનામાની અસલ કોપીના બદલે ઝેરોક્ષ જોડેલી હતી એટલે રદ થયા**

પાટણ

પાટણવિધાનસભા બેઠક પર ભરાયેલા ઉમેદવારી ફોર્મની મંગળવારે પાટણ મામલતદાર કચેરીમાં ઓબ્ઝર્વર સર્વજીત સિંહની ઉપસ્થિતિમાં ચકાસણી કરી હતી. જેમાં ૨૩ ઉમેદવારના ૩૧ ફોર્મમાંથી ૧૪ ફોર્મ સામાન્ય થતાં નવ ઉમેદવાર રદ થયા હતાં. જ્યારે ૧૪ ઉમેદવારના ૧૭ ફોર્મ માન્ય રહ્યા હતાં. ભાજપના ઉમેદવાર રણછોડભાઈ દેસાઇ એ ચાર અને કોંગ્રેસના ઉમેદવાર કિરીટ પટેલે ચાર ઉમેદવારી પત્રો ભર્યા હતા. બન્ને ઉમેદવારોનો એલએલબી અભ્યાસ છે. જેમાં કોંગ્રેસના કિરીટ પટેલના તમામ ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યા છે. જ્યારે ભાજપના રણછોડભાઇ દેસાઇના ચાર પૈકી ત્રણ ફોર્મ રદ થયા છે. માત્ર એક ફોર્મ માન્ય રહ્યું છે.

જો કે તેમની ઉમેદવારીને કંઇ વાંધો આવ્યો નથી. તેમનો ત્રણ ફોર્મ રદ થવાં પાછળનું કારણ છે કે તેમણે ત્રણ ફોર્મમાં સોંગદનામાની ઝેરોક્ષ જોડેલી છે. જ્યારે માત્ર એક ફોર્મમાં સોંગદનામાની અસલ કોપી લગાવેલી છે. જેથી તે ફોર્મ માન્ય રહ્યું છે. જ્યારે બહુજન સમાજ પાર્ટીમાંથી બે ઉમેદવાર મગનભાઈ અમરાભાઈ પરમાર અને હસુમતીબેન પરષોત્તમભાઈ સરવાકરે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. અને બન્ને મેન્ડેટ રજુ કરેલા હતાં. એટલે ચૂંટણી અધિકારીએ હસુમત્તીબેન સારવાકરનું ફોર્મ રદ કર્યુ હતું. અને મગનભાઇ પરમારે તેમના કરતાં પહેલાં ફોર્મ રજુ કર્યુ હોવાથી તેમનું ફોર્મ માન્ય રહ્યું હતું. તેવું ચૂંટણી અધિકારી ડી.બી.એ જણાવ્યુ હતું. જ્યારે અન્ય ઉમેદવારોએ અધુરા સોગંદનામાં રજુ કર્યા હોય મેન્ડેટ રજુ કર્યો હોય પુરતા ટેકેદારો હોય જેવા વિવિધ કારણોસર ફોર્મ રદ થયાં તેવું તંત્રના સુત્રોએ જણાવ્યુ હતું.

# ૧ થી ૫ ડિસેમ્બર દરમિયાન મતદાન કાપલી વિતરણ કરાશે : કલેકટર



હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર-વ-જિલ્લાક ચૂંટણી અધિકારી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને તથા જનરલ નિરીક્ષક મણિગંડન અને જેન્નુ તથા પોલીસ નિરીક્ષક આશુતોષ પાન્ડેયની ઉપસ્થિતિમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વનયે ચૂંટણી દરમિયાન થયેલ કામગીરીની જાણકારી આપતી પત્રકાર પરિષદ નવિન સર્કિટ હાઉસ ખાતે યોજાઇ હતી. જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જણાવતા જિલ્લા કલેકટર પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થતા તા.૨૫ ઓકટોબર-૨૦૧૭થી જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બનેલ છે. જેમાં જિલ્લામાં ઉમેદવારી પત્ર રજૂ કરવાના અંતિમ દિવસે જિલ્લાની ચાર વિધાનસભામાં ૪૯ ઉમેદવાર માન્ય રહ્યા છે. જેમાં હિંમતનગરમાં ૧૮, ઈડરમાં ૧૩, ખેડબ્રહ્મામાં ૭ તથા પ્રાંતિજમાં ૧૧ ઉમેદવારનો સમાવેશ થાય છે. સાબરકાંઠા જિલ્લારના ચાર વિધાનસભા મતવિસ્તારોનો સમાવિષ્ટ થાય છે જેમાં ચૂંટણી કામગીરીમાં ૧૨,૭૮૩ કર્મચારીઓ કામગીરી કરશે જેમને ઈ-પોસ્ટલ બેલેટ ધ્વારા પોલીસ કર્મચારીઓ પોલીસ ગ્રાઉન્ડ ખાતે તા. ૭ ડીસેમ્બરના રોજ મતદાન કરશે જયારે અન્ય કમર્ચારીઓ ૩થી ૫ ડિસેમ્બરની તાલીમ દરમિયાન કોઇ પણ એક દિવસે પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

આ ઉપરાંત ૫ હજારથી વધુ પોલીસ કર્મીઓ અને ૨૧ સીઆરપીએફ કંપનીના જવાનો ફરજમાં કાર્યરત થશે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ત્રિવેણી હાઇસ્કૂલ, ખેડબ્રહ્માની કે.ટી. હાઇસ્કૂલ, ઇડરની સરપ્રતાપ હાઇસ્કૂલ અને પ્રાંતિજની અવર ઓન હાઇસ્કૂલ મતદાન મથકના એક બૂથ પર સંપૂર્ણ મહિલા કર્મચારીઓનું સખી મતદાન મથક ઉભા કરવામાં આવશે. જિલ્લાના મતદારોમાં મતદાન જાગૃતિને લગતા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે જેમાં મતદાન વધુ થાય તે માટે કુટુંબ દિઠ વીવીપીએટ મતદાન જાગૃતિ માર્ગદર્શિકાનું વિતરણ કરવામાં આવશે આ મતદાર કાપલી તા. ૧ થી ૭ ડીસેમ્બર દરમિયાન મતદાન કાપલીનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત જે મતદારોને કાપલી સાથે ન હોય તેવા સંજોગોમાં મતદારો માટે "મતદાન સહાય કેન્દ્ર" ઉભા કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી પી.સ્વરૂપે ચૂંટણી નિષ્પક્ષ, ન્યાગયી, શાંતિપૂર્ણ અને સંપૂર્ણ પારદર્શી બની રહે અને સાબરકાંઠા જિલ્લાભમાં મોડલ પ્રકારની ચૂંટણી પૂર્ણ થાય તે માટે સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

# નાનીદાઉ પાસે ટ્રકની પાછળ એક્ટીવા ઘૂસી જતાં મહેસાણાના યુવાનનું મોત

મહેસાણા

નાનીદાઉ નજીક મંગળવાર સાંજે ટ્રકની પાછળ એક્ટીવા ઘૂસી જતાં સર્જાયેલા અકસ્માત માં એક યુવાનનું મોત થયું હતું. જ્યારે એકને ગંભીર ઇજા પહોંચી હતી. દેદિયાસણ જીઆઇડીસી સામે આવેલી પીંકસીટીમાં રહેતાં ૧૯ વર્ષિય હર્ષ પંકજભાઇ મોદી અને મોઢેરા રોડ પર રહેતા ૧૭ વર્ષિય જય જગદીશભાઇ મોદી બંને પિતરાઇ ભાઇઓ મંગળવારે સાંજે સાડા પાંચેક વાગ્યાના સુમારે નાની દાઉ તરફથી એક્ટીવા (જીજે ૦૨ સીસી ૨૫૦૪) લઇને મહેસાણા પરત ફરી રહ્યા હતા.

# ઓબીસી માટેની ટિકિટમાં એકાએક વધારો થઇ ગયો

**ભાજપ અને કોંગ્રેસે વધુ સંખ્યામાં ટિકિટ આપી**

**ભાજપ - કોંગ્રેસે ક્રમશ ૫૭ અને ૬૫ ઓબીસી ઉમેદવારોને ટિકિટ આપી**

અમદાવાદ

ગુજરાતમાં બે દશકથી પણ વધુ સમય સુધી શાસન કર્યા બાદ હવે ભાજપની સામે હાલમાં શાસન વિરોધી પરિબળ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત અન્ય કેટલાક પરિબળો પણ છે જે ગુજરાતમાં ભાજપને પડકારરૂપ સ્થિતીમાં મુકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરહાજરી અને શાસન વિરોધી પરિબળોના કારણે ભાજપ સામે મુશ્કેલી દેખાઇ રહી છે. કોંગ્રેસ પાર્ટી લાંબા સમય બાદ ગુજરાતમાં વાપસી કરવાની તૈયારીમાં છે. તેના દ્વારા તમામ તાકાત લગાવી દેવામા આવી છે. એસસી એસટી અને ઓબીસી એકતા મંચના ત્રણ લીડરો અલ્પેશ ઠાકોર, પાટિદાર નેતા હાર્દિક પટેલ અને દલિત નેતા જિગ્નેશ મેવાની કોંગ્રેસના સમર્થનમાં દેખાઇ રહ્યા છે જેથી ભાજપ માટે પ્રથમ વખત જટિલ સ્થિતી સર્જાયેલી છે. આવી સ્થિતીમાં આ વખતે ભાજપ અને કોંગ્રેસ પાર્ટી દ્વારા પાટીદારોને પ્રભાવિત કરવાની સાથે સાથે ઓબીસી સમુદાયને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. વિપક્ષી છાવણીમાં નવા જાતિ ગઠબંધનના કારણે ભાજપ અને કોંગ્રેસ દ્વારા આ વખતે ઓબીસી ઉમેદવારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઇ ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ કુલ ૧૮૨ વિધાનસભાની સીટ પૈકી ૫૭ ઓબીસી ઉમેદવારોને મેદાનમાં ઉતારી દીધા છે. જે વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીની તુલનામાં ૧૦ વધારે છે. વર્ષ ૨૦૧૨માં ભાજપે ઓબીસીના ૪૭ ઉમેદવારોને ટિકિટ આપી હતી. આવી જ રીતે કોંગ્રેસ પાર્ટીએ પણ અન્ય પછાત જાતિ અથવા તો ઓબીસીના ૬૫ ઉમેદવારોને આ વખતે ટિકિટ આપી છે. જે વર્ષ ૨૦૧૨માં ૫૭ હતા. ભાજપે કોળી સમુદાયના લોકોને સાત વધારે સીટો આ વખતે આપી દીધી છે.

ગુજરાત ભાજપના પ્રવકતા ભરત પંડ્યાએ કહ્યુ છે કે અમારી પાર્ટીએ જાતિ જેવા પરિબળોને પણ ધ્યાનમાં લીધા છે. ભારતીય જનતા પાર્ટી તમામ જાતિને વાજબી પ્રતિનિધીત્વ આપવા માટે ઈચ્છુક છે. તેમની જીતવાની ક્ષમતા અને ઉમેદવારોની લોકલ કનેક્ટિવિટીને ધ્યાનમાં લઈને ટિકિટ આપવામાં આવે છે. ઓબીસીમાં પણ ૧૪૬ જાતિ રહેલી છે. અમે નાની જાતિઓને પણટિકિટ આપી છે. તેમ કહીને પંડ્યાએ કહ્યુ હતુ કે દળવાડી, પંચાલ અને પ્રજાપતિને પણ ટિકિટ આપવામાં આવી છે.

બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ વર્ષ ૨૦૧૨માં ૪૫ પાટીદારોને ટિકિટ આપી હતી. જેમાં ૧૮ કડવા પાટીદારો હતા. આ વખતે તેમની આ સંખ્યામાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૧૭માં કોંગ્રેસે સંખ્યા વધારી છે. ભાજપે આ વખતે પણ લઘુમતિ સમુદાયના કોઈને ટિકિટ આપી નથી. કોંગ્રેસે છ મુસ્લિમોને ટિકિટ આપી છે.

ગુજરાતમાં વિધાન સભાની ચૂંટણી બે તબક્કામાં યોજાનાર છે. જેને લઇને હાલમાં ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે. ભાજપ અને કોંગ્રેસ પાર્ટી દ્વારા જોરદાર તૈયારી કરી લેવામાં આવી છે. ઓબીસી ઉમેદવારોની સંખ્યામાં આ વખતે વધારો થયો છે.

**અન્ય પછાત જાતિનું ચિત્ર...**

| કેટેગરી | ભાજપ | | કોંગ્રેસ | |
|---|---|---|---|---|
| | ૨૦૧૨ | ૨૦૧૭ | ૨૦૧૨ | ૨૦૧૭ |
| લેઉઆ | ૩૨ | ૨૯ | ૨૭ | ૨૬ |
| કડવા | ૨૦ | ૨૩ | ૧૮ | ૨૧ |
| ક્ષત્રિય | ૦૮ | ૧૨ | ૦૭ | ૦૮ |
| જૈન | ૧૫ | ૦૫ | ૦૪ | ૦૧ |
| બ્રાહ્મણ | ૧૦ | ૦૭ | ૦૮ | ૦૫ |
| અન્ય ઉચ્ચ જાતિ | ૦૯ | ૦૯ | ૧૪ | ૦૫ |
| મુસ્લિમ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૬ |
| એસસી | ૧૪ | ૧૩ | ૧૩ | ૧૪ |
| એસટી | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૫ |
| કુલ | ૧૩૫ | ૧૨૫ | ૧૨૫ | ૧૧૧ |
| અન્ય પછાત જાતિ (ઓબીસી) | | | | |
| ચૌધરી | ૦૯ | ૦૩ | ૧૨ | ૦૨ |
| કોળી | ૧૦ | ૧૭ | ૦૯ | ૦૪ |
| ઠાકોર | ૦૮ | ૦૯ | ૧૩ | ૧૬ |
| આહીર | ૦૫ | ૦૩ | ૦૬ | ૦૪ |
| મેર | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૨ |
| અન્ય ઓબીસી | ૧૩ | ૨૩ | ૧૬ | ૩૭ |
| કુલ | ૪૭ | ૫૭ | ૫૭ | ૬૫ |